

| | | |
|---|---|---|
| નવેમ્બર | * આત્મધર્મ * | અંક : ૫ |
| ૧૯૮૧ | [ ૪૫૭ ] | વર્ષ : ૩૮ |

# વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક પુરાણ પ્રસંગ

## [ભગવાનશ્રી ગૌતમ ગુણધરની ભવાવલી]

રાજગૃહીનગરીમાં શ્રેણીકરાજા રાજ્ય કરતા હતા, તેમનામાં સમુદ્ર જેવી ગંભીરતા, ચંદ્રમાં જેવી સુંદરતા, પર્વત જેવી નિશ્ચલતા અને બૃહસ્પતિ જેવી બુદ્ધિમત્તા આદિ અનેક નિર્મળ ગુણો હતા.

અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી અનેક દેશોમાં વિહાર કરીને વિપુલાચલ પર્વતના મસ્તક ઉપર સમવસરણ સહિત આવીને બિરાજમાન થયા.

મહારાજા શ્રેણીકને ભગવાન પધાર્યાના સમાચાર મળતાં તુરત પરિવાર સહિત સમવસરણમાં ગયા અને ભગવાનને વંદન નમસ્કાર આદિ કરી ધર્મનો ઉપદેશ સાંભળી બહુ જ સંતુષ્ઠ થયા. તેમણે ભગવાનને હાથ જોડી નમસ્કાર કરીને પૂછ્યું કે હે પ્રભો! આ ગૌતમ સ્વામી કોણ છે? કઈ પર્યાયથી આવીને અહીં જન્મ લીધો છે અને કયા ધર્મથી તેમને લબ્ધિઓ પ્રાપ્ત થઈ છે? હે પ્રભો! કૃપા કરીને એ બધી વાત વિસ્તારથી કહો.

ભગવાન જિનેન્દ્રદેવ સમસ્ત સંસારના મળનું પ્રક્ષાલન કરતાં દિવ્યધ્વનિ–દ્વારા કહેવા લાગ્યા કે આ ભરતક્ષેત્રમાં અનેક નગરોથી સુશોભિત એક અવંતિ નામનો દેશ છે તેના રાજા મહીચંદ્ર હતા. એક દિન આ નગરીના ઉપવનમાં અંગભૂષણ નામના મહામુનિરાજ પધારતાં, મુનિરાજનું આગમન સાંભળી રાજા મહીચંદ્ર પોતાના રણવાસ અને નગરજનોને સાથે લઈને મુનિરાજના દર્શન કરવા ઉપવનમાં ગયા. ઉપવનમાં મુનિરાજના દર્શન, વંદન, પૂજન, સ્તુતિ કરીને, તે મુનિરાજના ધર્મબુદ્ધિરૂપ આશીર્વાદ પામીને તેમની સમીપ બેસી ગયા. તે વનમાં બહુ જ જન સમુદાય ભેગો થયો હતો, ત્યાં શુદ્રની કુરૂપા ત્રણ કન્યાઓ શીઘ્રતાથી આવીને બેસી ગઈ.

મુનિરાજે પુણ્ય પાપ ધર્મ અને તેના ફળનો વિસ્તારથી ઉપદેશ આપ્યો, તે સાંભળી રાજા મહીચંદ્ર ઘણા જ ખુશી થયા. શુદ્રની કન્યાઓ બેઠી હતી તેના ઉપર રાજાની નજર પડી, તે કન્યાઓ દુષ્ટ સ્વભાવી હતી, દીન હતી, તીવ્ર દુઃખોથી દુઃખી હતી, કાળી હતી, દયા રહિત હતી, માતા પિતા ભાઈ બંધુઓથી રહિત હતી. તેને દેખતાં રાજાના નેત્ર પ્રફુલ્લિત થઈ ગયા, મુખ અને મન આનંદિત થઈ ગયા. તેથી રાજાએ તુરત મુનિરાજને પૂછ્યું કે આ શુદ્ર કન્યાઓને દેખતાં મારા હૃદયમાં અત્યંત પ્રેમ કેમ ઉભરાય છે? તેનો ઉત્તર આપતા મુનિરાજે કહ્યું કે તેની સાથે તારે પૂર્વભવમાં સંબંધ હતો, તે હું કહું છું તું ધ્યાન દઈને સાંભળ!

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૨ ]

# મંગળ સુપ્રભાતે મંગલ આશીર્વાદના મંગલ સંભારણા

[ મંગળ સુપ્રભાતે પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલકારી ઉદ્‌ગારો ]

" આજે મંગળ દિવસ છે અને માંગલિકનું કારણ છે.
મંગ એટલે આત્માની પવિત્રતા જેમાં પ્રગટ થાય,
મમ્ એટલે અહંકાર જેમાં ગળે એનું નામ પવિત્રતા,
એનું નામ માંગલિક, એ માંગલિકરૂપે નિયમસારની
૪૩ મી ગાથામાં આત્મા આવો છે એમ કહ્યું :—

નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,
નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આત્મા નિર્મૂઢ છે.

( શ્રી નિયમસાર ગા. ૪૩ )

૪૩ એટલે ૪+૩=૭, સાત પ્રકૃતિનો નાશ કરે અને વીતરાગતા પ્રગટ કરે એવા નવ બોલ આ ૪૩મી ગાથામાં છે.

ત્રિકાળી ભગવાન, જેમાં દ્વન્દ્વ નથી–બેપણું નથી, અદ્વૈત અખંડાનંદ પ્રભુ છે એવો જે સમભાવી વીતરાગ સ્વરૂપ પ્રભુ, તેનો નિર્ણય વિકલ્પ કે નિમિત્ત કે ધ્રુવ કરતો નથી, પરંતુ તેનો નિર્ણય પર્યાય કરે છે. ધ્રુવનો નિર્ણય પર્યાય કરે છે કે: હું આ આત્મા,–નિર્દંડ તે આત્મા, નિર્દ્વંદ્વ તે આત્મા, નિર્મમ તે આત્મા, શરીર રહિત તે આત્મા, નિરાલંબ તે આત્મા, નીરાગ તે આત્મા, નિર્દોષ તે આત્મા, નિર્મૂઢ તે આત્મા, નિર્ભય એટલે કે મારા દૂર્ગ-કિલામાં કોઈનો પ્રવેશ નથી એટલે ધ્રુવનો એવો કિલ્લો છે કે એમાં કોઈનો પ્રવેશ નથી–એવો છું. આત્માને આવો જાણવો, એવી દૃષ્ટિ કરવી અને અનુભવ કરવો એ માંગલિક છે. આ દિવસ પણ મંગળ ( મંગળવાર ) છે, અને માંગલિકની આ વાત ૪૩મી ગાથામાં આવી છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન છે, તેને વર્તમાન નિર્મળ પર્યાય ગ્રહે છે કે 'આ હું છું, આ આત્મા હું છું"–એમ દ્રવ્યની સન્મુખ થયેલી પર્યાય આ રીતે દ્રવ્યનો સ્વીકાર કરે તે માંગલિક છે."

—પૂજ્ય ગુરુદેવ

# ગૃહસ્થાશ્રમમાં આત્મ-અનુભવ

[ શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, તા. ૧૩-૬-૬૬ ]

શ્રી યોગીન્દ્રદેવ કૃત આ યોગસાર ચાલે છે. તેમાં કહે છે કે ગૃહસ્થાશ્રમમાં પણ આત્મ-અનુભવ થઈ શકે છે. ગૃહસ્થમાં રહેલો જીવ મોક્ષના માર્ગ પર ચાલી શકે છે, એમ નથી કે સાધુ જ મોક્ષમાર્ગમાં ચાલી શકે—એ અર્થની ગાથા કહે છે :—

ગૃહકામ કરતાં છતાં, હેયાહેયનું જ્ઞાન;
ધ્યાવે સદા જિનેશપદ, શીઘ્ર લહે નિર્વાણ. ૧૮.

ગૃહસ્થના વેપાર-ધંધામાં લાગેલો હોવા છતાં હેયાહેયનું જ્ઞાન હોય છે એટલે કે છોડવાયોગ્ય શું છે ને આદરવાયોગ્ય શું છે એનું જ્ઞાન હોય છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં ધર્મ કઈ રીતે હોય છે?—કે ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં હેયાહેયનું જ્ઞાન હોય છે. હેય એટલે પુણ્ય-પાપના ભાવ, વેપાર-ધંધાના ભાવ કે પૂજા-ભક્તિના ભાવ તે હેય છે એવું એને જ્ઞાન વર્તવું જોઈએ.

ગૃહસ્થાશ્રમમાં ધર્મ થઈ શકે છે ને મોક્ષના માર્ગે ચાલી શકે છે તેની અહીં વાત છે. ગૃહસ્થાશ્રમમાં આપણને ધર્મ ન થાય, આપણે ધર્મ ન કરી શકીએ, એ તો મુનિ થાય, ત્યાગી થાય તેને ધર્મ હોય-એમ નથી. મુનિ ઉગ્રપણે પુરુષાર્થથી શીઘ્રપણે મોક્ષનું સાધન ઉત્કૃષ્ટ કરે છે અને ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દૃષ્ટિને એને યોગ્ય હેયાહેયનું જ્ઞાન વર્તતું હોય છે. ધંધામાં હોય છતાં તેને દરેક ક્ષણે રાગાદિ ભાવ હેય છે, પર વસ્તુની, શરીર આદિની ક્રિયાનો કર્તા હું નથી-એવું જ્ઞાન વર્તે છે.

પાપના-પુણ્યના ભાવ હો, દેહની ક્રિયા હો પણ એ બધાને સમ્યગ્દૃષ્ટિ હેય તરીકે જાણે છે. શુદ્ધ ચૈતન્ય પરમાનંદની મૂર્તિ પ્રભુ આત્મા એ જ મારે આદરણીય ને ધ્યાન કરવા લાયક છે. ગૃહસ્થાશ્રમમાં સમકિત આ પ્રમાણે વર્તન કરી શકે છે. ગૃહસ્થાશ્રમમાં નિર્વાણમાર્ગ ન હોય એમ કેટલાક કહે છે ને? અહીં તો કહે છે કે ગૃહસ્થાશ્રમમાં આ રીતે નિર્વાણમાર્ગ સમકિતીને હોય છે.

આત્મા પોતે નિર્વાણસ્વરૂપ છે. ભગવાન આત્મા મોક્ષસ્વરૂપ છે, તેનું સાધન પોતામાં છે. તેથી ગૃહસ્થાશ્રમમાં તે કેમ ન કરી શકે? એક સમયનો વિકાર છે તે હેય છે ને તેને છોડીને અનંતગુણનો પિંડ આખો પૂર્ણાનંદ પ્રભુ ઉપાદેય છે અને એ સ્વરૂપ તો પોતાનું છે. તેથી ગૃહસ્થાશ્રમમાં એ કામ ન કરી શકે-એ કેમ હોઈ શકે?

આત્મા પોતે અનંત જ્ઞાન-આનંદ આદિ ગુણનો પિંડ છે, તેને ઉપાદેય છે એમ કેમ ન કરી શકે? ગૃહસ્થાશ્રમમાં આત્મા છે કે નથી? આત્મા છે એ પોતાનો શુદ્ધ સ્વભાવ રાખીને પડ્યો છે. વીતરાગના સ્વરૂપમાં ને આત્માના સ્વરૂપમાં કાંઈ ફેર નથી. એવું પોતાનું સ્વરૂપ છે, એનું ઉપાદેયપણું કરી શકે છે, કેમ કે એનું સાધન પણ પોતામાં છે કાંઈ બાહ્ય ક્રિયામાં કે રાગમાં નથી.

રાગાદિ તો દૂર છે, તારામાં નથી; તારામાં નથી એ કાંઈ તારું સાધન હોય? માટે રાગાદિ કોઈ તારું સાધન નથી. તારામાં જે છે એ તારું સાધન છે. ધંધાદિ હોય કે રાગાદિ હોય-એ તો એનામાં રહ્યા, હું તો શુદ્ધ પરમાત્મા છું-આજ હું છું એમ માનવું તેનું નામ જ ઉપાદેયપણું.

વીતરાગના સ્વરૂપમાં ને મારા સ્વરૂપમાં પરમાર્થે કાંઈ ફેર નથી-એમ અંતરમાં રુચિ કરીને દૃષ્ટિ કરીને આત્માને સ્વીકારવો—એ ગૃહસ્થાશ્રમમાં કેમ ન થઈ શકે? દૃષ્ટિ દૂર હતી, તે દૃષ્ટિ સમીપમાં કરે કે આ આત્મા જ હું છું—એ તો ગૃહસ્થાશ્રમમાં થઈ શકે છે.

વસ્તુ શુદ્ધ છે ને એનું જ્ઞાન, એની શ્રદ્ધા ને એનું આચરણ—એ સ્વભાવનું સાધન પણ શુદ્ધ છે અને તે પણ પોતાની સમીપમાંથી-સ્વભાવમાંથી આવે છે, કાંઈ દૂરથી, રાગમાંથી કે પરમાંથી આવતાં નથી માટે ગૃહસ્થાશ્રમમાં આત્માને મોક્ષનો માર્ગ કેમ ન થઈ શકે? જરૂર થઈ શકે છે—એમ કહે છે. વસ્તુ પોતે છે ને એ જ કિંમતી ચીજ છે, બીજી કોઈ પણ ચીજ-અલ્પજ્ઞતા, રાગ કે પર-મારી દૃષ્ટિમાં કિંમતી ચીજ નથી-એમ દૃષ્ટિમાં ઉપાદેય તરીકે વસ્તુને ગ્રહણ કરવી—એ ગૃહસ્થાશ્રમમાં કેમ ન થઈ શકે? જરૂર થઈ શકે. વળી એનું સાધન પણ અંદર છે. જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વભાવનું સાધન પણ એની સમીપમાં—એમાં છે, સાધન કાંઈ બહારમાં નથી.

ભગવાન આત્મા પરમાનંદનું રતન છે. એ પરમાનંદ સ્વરૂપ રતન પોતે જ છે, એમ જ્યાં દૃષ્ટિમાં આદર આવ્યો ત્યાં સ્વભાવનું સાધન પણ પોતે જ છે અને એમાં એકાગ્ર થતાં સાધનથી જે દશા પ્રગટ થાય, સાધક દશા—એ પણ એના સમીપમાંથી—પોતામાંથી પ્રગટ થાય છે, કાંઈ રાગમાંથી કે નિમિત્તથી પ્રગટ થતી નથી.

ધંધાનો ભાવ તો હેય છે પણ એ કાળે પણ એ જીવની શક્તિનું સત્વ છે ને! તેથી ગૃહસ્થના અશુભ ભાવને ને શુભભાવને હેય જાણે ને આ આત્મા અનંતગુણનો પિંડ છે તે હું-એમ હેયાહેયનું જ્ઞાન થઈ શકે છે. બાપુ! તું છો ને તારું ન કરી શકે એનો અર્થ શું? તું છો ને તારું જરૂર કરી શકે. ગૃહસ્થાશ્રમમાં રહયાં છતાં હેય ઉપાદેયનો જ્ઞાનમાં વિવેક જરૂર કરી શકે. પહેલાં શાસ્ત્રથી, ગુરુગમથી, તીવ્ર જિજ્ઞાસાથી

હેયઉપાદેયનું જ્ઞાન કરે અને પછી એની દૃષ્ટિમાં આવે કે અહો! આ આત્મા! અનંત ગુણ સ્વરૂપ ભગવાન આત્મા તે હું પોતે છું.

ગૃહસ્થાશ્રમમાં વેપારધંધાના કાળ વખતે શું આત્મા ક્યાંય ચાલ્યો ગયો છે?–ના; તો એ આત્માને ઉપાદેય તરીકે શ્રદ્ધા–જ્ઞાનમાં ગ્રહણ કરે ને રાગાદિને હેય જાણે–એવો ધર્મ ગૃહસ્થાશ્રમમાં થઈ શકે છે.

શરીર–વાણી ને મનની જે ક્રિયા થવા કાળે થાય છે, તે તો ચૈતન્યના સત્વમાં નથી ને ચૈતન્ય તેનો કર્તા નથી ને ગૃહસ્થાશ્રમમાં તેનું જ્ઞાન થઈ શકે છે કે આ લક્ષ કરવા લાયક નથી. ગૃહસ્થાશ્રમમાં જે ધંધાદિના પરિણામ થાય તેનાથી અધિકપણે અંદર અનંતગુણનું ધામ આત્મા બિરાજે છે, તેને ઉપાદેય તરીકે સ્વીકારીને રાગાદિને હેય તરીકે સ્વીકારી શકાય છે, પણ પછી એને ધંધાદિમાં રસ ન રહે હો!

પણ ધંધામાં રસ ન રહે તો પૈસા શી રીતે કમાય?

ધંધામાં રસ હોય તો પૈસા કમાય કે પુણ્યને લઈને કમાય! પુણ્ય હોય તો પૈસા મળે. અહીં તો કહે છે કે બે વાત છે. એક તું પોતે ને બીજો તારાથી વિરુદ્ધ વિકારનો ભાવ. ધંધાદિના વિકારી પરિણામ વખતે આત્મા ક્યાંય ચાલ્યો ગયો નથી. ધંધાદિના પરિણામ દુઃખરૂપ છે, હેયરૂપ છે, આદરવાયોગ્ય નથી–એમ એણે જ્ઞાન કરવું જોઈએ અને એનાથી રહિત ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ શુદ્ધ આત્મા છું, એનો અંતર્મુખ થઈને આદર કરવો જોઈએ. આટલું તો ગૃહસ્થમાં રહીને પણ થઈ શકે છે–એમ કહે છે.

ગૃહસ્થાશ્રમમાં પણ છૂટેલું જ્ઞાયકતત્વ તું છો, તેના સાધન વડે છૂટવાનો ઉપાય થઈ શકે છે એટલે કે ધંધાદિના પરિણામ ને બાહ્ય ક્રિયામાં રહેવાથી આ ન થઈ શકે એમ છે નહીં. પરંતુ નનૂર થઈને એણે એની કિંમત કદી કરી નથી. વસ્તુ તરીકે તું જિનસ્વરૂપે જ છો. પરંતુ એનામાં જે છે એને દૃષ્ટિમાં ન લે અને જે વસ્તુમાં નથી એવા રાગાદિને દૃષ્ટિમાં લે –વસ્તુ છે છતાં તેને ભૂલીને એ ભાવ કરે તો અજ્ઞાન કરવામાં પણ જીવ સ્વતંત્ર છે. જ્ઞાનાનંદમૂર્તિ વસ્તુનો અંતરમાં સ્વીકાર કરીને આ આત્મા તે હું–એમ સ્વીકાર થતાં પછી જે વિકલ્પ ઉઠે તે તેના સ્વરૂપમાં ન હોવાથી તેને હેય જાણીને ગૃહસ્થાશ્રમમાં હેયાહેયનું જ્ઞાન કરી શકે છે.

સિદ્ધ સમાન સદા પદ મેરો–સિદ્ધ સમાન તારું આત્મતત્વ છે પણ એની તને ખબર નથી ને કહે કે મારે ધર્મ કરવો છે, પણ ક્યાંથી ધર્મ થાય? ધર્મ કરનાર ધર્મી મહાન પદાર્થ છે એવી ઉપાદેય બુદ્ધિ ગૃહસ્થાશ્રમમાં કરે તો ધર્મ થઈ શકે છે. એનો અર્થ એ થયો કે ભગવાન આત્મા ગૃહસ્થાશ્રમમાં ધંધાદિની પર્યાયમાં હો કે બાહ્ય ક્રિયામાં નિમિત્ત તરીકે ઉપસ્થિતિ દેખાતી હો છતાં તેને હેય જાણી પોતાના

શુદ્ધ આનંદસ્વરૂપ આત્માને ઉપાદેય જાણી અંતરના આનંદમાં વર્તી શકે છે, ગૃહસ્થાશ્રમમાં પણ અંતરમાં આનંદસ્વરૂપનો સ્વીકાર કરી શકે છે, રાગને હેય કરી શકે છે અને કોઈ કોઈ કાળે તે આનંદના અનુભવમાં વર્તી શકે છે. પણ વાત એમ છે કે એનો આત્મા કેવડો છે એની એને ખબર નથી.

ગૃહસ્થ એટલે ગૃહમાં રહેલો એટલે કે ધંધાદિમાં રહેલો જીવ, પણ એ વખતે પણ આત્મા તો મોજૂદ છે ને! જેમાં અનંત સિદ્ધ પરમાત્મા બિરાજે છે એવો પૂર્ણાનંદનો નાથ તો ધંધાદિના કાળે પણ મોજૂદ છે ને! તો એવા આત્માને દૃષ્ટિમાં ઉપાદેય કરીને, ધંધાદિના કે દયા–દાન આદિના રાગ હેય છે એમ દૃષ્ટિમાં રાગનો ત્યાગ ને શુદ્ધાત્માનો આદર કરી શકે છે.

દૃષ્ટિમાં પૂર્ણ આત્માનો સ્વીકાર થતાં પરમેશ્વરનો સ્વીકાર થયો ને હેય એવા રાગાદિ હોવા છતાં દૃષ્ટિમાં તેનો ત્યાગ થઈ ગયો. આ રીતે ગૃહસ્થાશ્રમમાં દૃષ્ટિમાં રાગનો ત્યાગરૂપ ને સ્વભાવના આદરરૂપ ધર્મ થઈ શકે છે. પરંતુ પૈસાદિમાં લાભ માને તેને સ્વભાવનો લાભ–સ્વભાવનો સ્વીકાર શી રીતે થઈ શકે? એક બાજુ પૈસાની મમતાનો ભાવ ને બીજી બાજુ સમતાનો પિંડ સ્વભાવ! મમતાના કાળે પણ સમતાનો પિંડ પ્રભુ ક્યાંય ચાલ્યો ગયો નથી, માત્ર સમતાના પિંડનો સ્વીકાર ને મમતાનો અસ્વીકાર કરવો જોઈએ; તો ગૃહસ્થાશ્રમમાં પણ ધર્મ થાય.

## * ધ્યાવે સદા જિનેશપદ *

રાત–દિવસ જિનેન્દ્રદેવનું ધ્યાન કરે છે. જિનેન્દ્ર એટલે વીતરાગ; અંદર વીતરાગની લગની લાગી છે. જિનેંદ્ર એટલે વીતરાગી આત્મા. વીતરાગી ભગવાન ને વસ્તુમાં કાંઈ ફેર નથી. સમકિતી ગૃહસ્થાશ્રમમાં ધંધામાં પડ્યો હોય, હજારો રાણીઓના વૃંદમાં પડ્યો હોય છતાં રાત–દિન જિનેંદ્રદેવનું ધ્યાન કરે છે. વીતરાગ....વીતરાગ....શુદ્ધ.... શુદ્ધ....સ્વભાવ આદરણીય છે, અશુદ્ધતા આદરણીય નથી. આવું જો સમકિતીને ન હોય તો સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન જ ન હોય.

પરને પર તરીકે, હેય તરીકે જાણ્યા વિના ઉપાદેય તરીકે ચિદાનંદ ભગવાન આત્માનું જ્ઞાન યથાર્થ થઈ શકે નહીં. ઉપાદેય તરીકે આત્માને આદરણીય જાણ્યો એટલે રાગાદિ હેય તરીકે વર્તે એટલે તેમાં લાભનું કારણ કેમ માને? એ તો નુકશાનનું કારણ છે. શુભાશુભ ભાવ થાય પણ તે નુકશાનનું કારણ છે.

મોક્ષના સાધનનો મોટો ભાગ મુનિ કરે પણ ગૃહસ્થાશ્રમમાં એકદેશ તો સાધન થઈ શકે છે. મોટા ભાગનું સાધન મુનિ કરે, મુનિ એટલે? બહારના ત્યાગી એટલે મુનિ—એમ નથી. શુદ્ધ ચિદાનંદના ભાનપૂર્વક તેમાં ખૂબ ઠરે ને ખૂબ આનંદને વેદે તે

મુનિ; તે મોક્ષના મોટા ભાગનું સાધન કરે. પરંતુ મોક્ષના માર્ગનો નાનો ભાગ તો ગૃહસ્થને મળે એમ છે હો!

જ્યાં એકલો પૂર્ણાનંદનો નાથ ચૈતન્યપ્રભુ દૃષ્ટિમાં પડ્યો છે ત્યાં આખા સંસારનો-ઉદય ભાવનો દૃષ્ટિમાં ત્યાગ વર્તે છે, આત્માનો આદર થયો ને મિથ્યાત્વનો ત્યાગ થયો ત્યાં તે મોટો ત્યાગી થઈ ગયો. આવા ત્યાગ વિના બહારની ક્રિયાને ત્યાગ કહે ને દયા—દાનના ભાવથી મને લાભ થાય એમ માનનાર ત્યાગીએ આખા આત્માનો જ ત્યાગ કર્યો છે. એણે રાગનો ત્યાગ કર્યો નથી પણ ત્યાગ કર્યો છે પોતાના આત્માનો. જ્ઞાનીએ તો જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે રાગ ભાવનો પણ દૃષ્ટિમાંથી ત્યાગ કર્યો છે.

પ્રભુ અંતરમાં બિરાજે છે ને તેનું સાધન પણ દૂર-રાગમાં નથી પણ નજીકમાં અંતરમાં છે. અંતરમાં એકાગ્ર થવું તે એનું સાધન છે. આવા સાધનને ને સાધનના ધ્યેયને ન જાણે તેને આ હેય ને આ ઉપાદેય એમ જ્ઞાનમાં વર્તતું નથી. તેથી તેને દૃષ્ટિમાં આત્માનો ત્યાગ વર્તે છે પણ દૃષ્ટિમાં રાગનો ત્યાગ વર્તતો નથી.

ધર્મી જીવ ગૃહસ્થાશ્રમમાં ૯૬ હજાર રાણીઓના વૃંદમાં પડ્યા હોય પણ એ ભોગના કાળે પણ દૃષ્ટિમાં એનો ત્યાગ વર્તે છે. મારો આનંદ મારી પાસે છે પણ અરેરે! આ સમાધાન થતું નથી એટલે રાગ આવે છે પણ સમકિતી એ અસ્થિરતાને હેય તરીકે જાણે છે. એ પ્રકારના અસ્થિરતાના રાગમાંથી બીજે જ ક્ષણે કદાચિત્ ધ્યાનમાં આવે તો અતીન્દ્રિય આનંદનું ધ્યાન પણ કરી લે. વાસનાના વિકલ્પમાં દોરાઈ ગયો પણ અંદર તો સચ્ચિદાનંદ પ્રભુને દૃષ્ટિમાંથી છોડ્યો નથી.

ગૃહસ્થાશ્રમમાં પણ સ્વસ્વરૂપ મોજુદ છે છતાં તેને આદરણીય કેમ કરી શકતો નથી?—કે પોતાના સ્વસ્વરૂપનો એને મહિમા નથી એટલે વિકાર ને પરના મહિમામાં તેની દૃષ્ટિ પડી છે તેથી મિથ્યાત્વમાં પડ્યો છે. પરંતુ ગૃહસ્થાશ્રમમાં રહયાં છતાં જ્યાં સ્વનો મહિમા આવ્યો કે આ અખંડાનંદ પ્રભુ જ મારે કરવાનું કામ, વિશ્રામનું ધામ છે-એમ અંતર્દૃષ્ટિ ને જ્ઞાન કર્યા ત્યાં પૂજા-ભક્તિના ભાવને પણ ત્યાગબુદ્ધિએ દેખે છે.

પ્રભુ! તું છો કે નહીં? છો તો કેવડો છો?-કે:—

અનંતા ગુણનો દરિયો છો, જ્ઞાન સ્વરૂપે ભરિયો છો,
આનંદનો તું કંદ છો, વીર્યની તું કાતળી છો,

શાંતિનો તું સાગર છો, અનંત પુરુષાર્થના વીર્યથી ભરેલો પદાર્થ છો,
સ્વચ્છતાનું ધામ છો, અનંત ગુણમાં એક-એક ગુણમાં પ્રભુતાથી ભરેલો પ્રભુ તું છો.

આવા ભગવાનને જેણે ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં એનો શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકાર કર્યો એણે અનંતકાળથી જેનો ત્યાગ વર્તતો હતો તેને ગ્રહણ કર્યો ને અનંતકાળથી રાગાદિ પુણ્ય-પરિણામને ગ્રહણ કરવા યોગ્ય માનતો હતો તેનો દૃષ્ટિમાં ત્યાગ વર્ત્યો.

સમકિતી જિનેંદ્રદેવનું સદા ધ્યાન કરે છે એટલે કે સમકિતીને આત્માના શ્રદ્ધા–જ્ઞાન તો નિરંતર છે પણ કોઈ વખતે ધ્યાનમાં અંદર સ્થિર થઈ જાય છે. ગૃહસ્થીને ધ્યાન પણ હોય છે એમ કહે છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં ધર્મીને રાત–દિવસ ભગવાન આત્માના શ્રદ્ધા–જ્ઞાનરૂપ પરિણતિ કાયમ વર્તે છે ને કોઈ વખતે નિર્વિકલ્પ ધ્યાન પણ ગૃહસ્થીને થઈ જાય.

ગૃહસ્થાશ્રમમાં આત્મા શું આત્મા મટીને વિકારરૂપે થઈ ગયો છે? ગૃહસ્થાશ્રમમાં રહેલો આત્મા શું જડ અને શરીરરૂપે થઈ ગયો છે?–ના; તો એ ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ થતાં વિકારપણે હું નથી એમ દૃષ્ટિ થતાં દૃષ્ટિમાં વિકારનો ત્યાગ વર્તે છે; ગૃહસ્થાશ્રમમાં પણ એને ધ્યાન વર્તે છે. જેને લક્ષમાં લીધો છે, તેમાં વારંવાર ઠરવારૂપ નિર્વિકલ્પ ધ્યાન પણ વર્તે છે.

સ્વરૂપ શુદ્ધ છે એમ અનુભવપૂર્વક સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન થયા પછી સામાયિકમાં પ્રયોગ કરે છે કે હું પરમાત્મા છું તો ઉપયોગ એમાં સ્થિર રહી શકે છે કે નહીં એનો અજમાયશ ને પ્રયોગ સામાયિકમાં કરે છે. રોજ સામાયિકમાં અજમાયશને પ્રયોગ કરે છે તથા પંદર દિવસે—મહિને ચોવીશ કલાક પ્રયોગ કરે કે આત્મા અંદર સ્વરૂપમાં કેટલો રહી શકે છે. તે પ્રયોગને પૌષધ કહે છે. દેહના ત્યાગના કાળે નિર્વિકલ્પ કેટલો રહી શકું છું, ભવના અભાવના કાળે ભવના અભાવ સ્વરૂપ ભગવાન આત્મામાં સ્થીરતા કેટલીક રહી શકે છે? તેનો પ્રયોગ કરવો તેને ‘સંથારો—સમાધિ મરણ’ કહે છે. આ બધું ગૃહસ્થાશ્રમમાં થઈ શકે છે એમ અહીં તો કહેવું છે હો!

—આ રીતે ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં જે આત્માને ઉપાદેય જાણે ને રાગાદિને હેય જાણે તે અલ્પકાળમાં નિર્વાણને પામે છે. ૧૮.

હવે ૧૯ મી ગાથામાં કહે છે કે જિનેન્દ્રદેવનું સ્મરણ પરમપદનું કારણ છે.

જિન સમરો જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ;
તે ધ્યાતાં ક્ષણુ એકમાં, લહો પરમપદ શુદ્ધ. ૧૯.

હે આત્મા! વીતરાગ પરમેશ્વર અને તારો આત્મા—તે બન્નેના સ્વભાવમાં કાંઈ ફેર નથી, વર્તમાન પર્યાયમાં—અવસ્થામાં ફેર છે. ભગવાનની દશા પૂર્ણાનંદરૂપ થઈ ગઈ ને તારી દશામાં રાગ ને મલિનતા છે. પરંતુ વસ્તુ સ્વભાવમાં ને ભગવાનના સ્વભાવમાં કાંઈ ફેર નથી. તેથી અહીં કહે છે કે કેવળજ્ઞાની પરમેશ્વરે જેવો ભગવાન આત્મા જોયો છે તેવો આત્મા જેને શ્રદ્ધા–જ્ઞાનમાં બેઠો છે એવો ધર્મી જીવ એનું વારંવાર સ્મરણ કરે છે. રાગનું, નિમિત્તનું કે સંયોગનું સ્મરણ કરતાં નથી પણ ભગવાન આત્માનું સ્મરણ કરે છે.

હે આત્મા! શુદ્ધ ભાવથી જિનેન્દ્રનું સ્મરણ કરો. જિનેન્દ્ર એટલે આત્મા, તેનું શુદ્ધ ભાવથી સ્મરણ કરો. ભગવાન આત્માનો સ્વભાવ વીતરાગી ઈન્દ્ર–ઈશ્વર છે પણ

પોતે પોતાને રાંકો માનીને બેઠો, આની વિના ચાલે નહીં ને તેની વિના ચાલે નહીં-એને કેમ બેસે? આબરૂમાં જરાક ખામી થઈ જાય ત્યાં તો....એને કેમ બેસે કે પોતે પરમેશ્વર પ્રભુ છે! આબરૂમાં જરાક ધક્કો લાગે ત્યાં તેને કાંઈનું કાંઈ થઇ જાય, પણ બાપુ! અનાદિનો તને આબરૂનો આ મોટો ધક્કો લાગી ગયો છે તેનું શું! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ જિનેન્દ્ર છે તેને રાગવાળો માનવો એ તને મોટું કલંક છે બાપુ!

ભાઈ! ભગવાન આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ છે તેનું ચિંતવન કર ને! આ રાગ ને દયા-દાન આદિના વિકલ્પ છે એ તો છોડવાલાયક છે, એને વારંવાર યાદ શું કામ કરે છો? આવે તોપણ તેને યાદ શું કરવા કરે છો? આત્મા સાક્ષાત્ વસ્તુ તરીકે જિનેન્દ્ર પ્રભુ છે ને તેની દશામાં જિનેન્દ્રપણું પ્રગટ કરવા માટે એ જિનેન્દ્ર પ્રભુમાં એકાગ્ર થઈને ધ્યાન કરવું એ પ્રગટ જિનેન્દ્ર થવાનો ઉપાય છે.

આહાહા! ઘરે પરમેશ્વર પ્રભુ આદિનાથ મુનિ પધારે ને તેનો આદર ન કરે અને સડેલાં રોગવાળી વાઘરણનો આદર કરે! તેમ ત્રણ લોકનો નાથ ભગવાન પોતે સમીપમાં બિરાજે છે તેનો આદર ન કરતાં પુણ્ય ને પાપના મેલ-ભીખારી જેવા વિકારને શરીરાદિનો સત્કાર કરે!!

જિન સમરો-ભગવાન આત્મા ચૈતન્યપ્રભુ ઉપાદેય છે ને રાગાદિ મેલ હેય છે એમ જેને પહેલાં સમ્યગ્જ્ઞાનમાં વિવેક પ્રગટ્યો છે તે જિનેન્દ્રનું સ્મરણ કરે છે. બહારની હોળીના સ્મરણ કરે છો તેના કરતાં સમીપમાં ચિદાનંદપ્રભુ બિરાજે છે તેનું સ્મરણ કર ને! એનું સ્મરણ કરતાં એ પ્રગટ થાય એવો છે. માટે અંદર જે રાગ ને પુણ્યભાવ આવે એને યાદ ન કર! ઝેરને યાદ કરવા જેવા નથી, છોડી દે લક્ષમાંથી! પવિત્ર પ્રભુ ભગવાન આત્મા છે તેનું સ્મરણ કરવા જેવું છે, તે તને હિતનું કારણ છે. વિશેષ કહેવાશે.

(ક્રમશઃ)

---

## * જિનવાણી-શ્રવણની પાત્રતા *

ચોરાશીના ભવભ્રમણ છોડાવનારી, ત્રણલોકના નાથની વાણી સાંભળવા આવે તેને દેવ-શાસ્ત્ર-ગુરુનો કેટલો વિનય જોઈએ? સ્વર્ગેથી ઈન્દ્રાદિ દેવો ભગવાનની વાણી કેટલા વિનય-ભક્તિ ને નરમાશથી સાંભળે છે! જિનવાણી સાંભળતી વખતે શાસ્ત્રોનો વિનય ને બહુમાન રાખવા જોઈએ. શાસ્ત્રને નીચે ન મુકાય, શાસ્ત્ર ઉપર કોણીનો ટેકો દેવાય નહીં, પગ ઉપર પગ ચડાવીને શાસ્ત્ર--શ્રવણ કરવા બેસાય નહીં, રૂમાલ કે પાના આદિથી હવા ખવાય નહીં વિગેરે વિગેરે કેટલાય વિનય બહુમાન-ભક્તિ હોય ત્યારે તો જિનવાણી શ્રવણની પાત્રતા છે. વ્યવહાર પાત્રતા જેમ છે તેમ જાણવી જોઈએ.

# સવળા પુરુષાર્થથી શાંતિ : અવળા પુરુષાર્થથી અશાંતિ

[ શ્રી ઇષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૯-૩-૬૬ ]

ભગવાન કુંદકુંદાચાર્યદેવ ૨૦૦૦ વર્ષ પહેલાં થયા, તેના પછી મહા સમર્થ સંત પૂજ્યપાદ સ્વામી થયા; પૂજ્યપાદ સ્વામી પણ મહાવિદેહમાં ભગવાન શ્રી સીમંધરસ્વામી પાસે ગયા હતાં. શ્રવણબેલગોલામાં શિલાલેખ છે કે વિદેહક્ષેત્રમાં ભગવાન શ્રી સીમંધરસ્વામી બિરાજે છે ત્યાં પૂજ્યપાદ સ્વામી ગયા હતા. તે પૂજ્યપાદસ્વામીએ આ ઇષ્ટોપદેશ ગ્રંથની રચના કરી છે. તેમાં આપણે છઠ્ઠી ગાથાનો વિશદ અર્થ ચાલે છે :–

સુખ–દુઃખ સંસારીના, વાસના જન્ય તું માન,
આપદમાં દુઃખકાર તે, ભોગો રોગ સમાન. ૬.

આ તો ઇષ્ટોપદેશ છે. પરના કારણે ભૂલ છે એમ કહે તે ઇષ્ટ-હિતકારી ઉપદેશ નથી. પોતાના ઊંધા પુરુષાર્થથી ઊંધી માન્યતા છે એમ કહે તે ઇષ્ટ ઉપદેશ છે. દરેક પદાર્થ પોતાના ઉપાદાનથી જ કાર્ય કરે છે એમ અહીં પહેલી ગાથાથી જ શરૂ કર્યું છે. પહેલી ગાથામાં આવ્યું હતું કે હું ભગવાન પરમાત્માને નમસ્કાર કરું છું કે જેમણે પોતાના પુરુષાર્થથી જ સ્વભાવને પ્રાપ્ત કર્યો છે. તેનો અર્થ એ થયો કે પોતાના સવળા પુરુષાર્થથી આત્મા શાંતિ પ્રાપ્ત કરે છે ને પોતાના અવળા પુરુષાર્થથી વિકાર પ્રાપ્ત કરે છે ને સંસારમાં રખડે છે.

અહીં કહે છે કે પેટમાં રોટલા પડયા હોય તો બધું ઠીક લાગે પણ રોટલા પેટમાં ન પડયા હોય તો બધું અનુકૂળ હોય, સ્ત્રી વ્હાલી હોય તોપણ, ક્ષુધા લાગી હોય કે કોઈ બીજી ચિંતા-ઉપાધિ આવી પડી હોય તો કાંઈ સારું લાગે નહીં. બાપુ ! શરીરાદિ સારા હોય કે ન હોય તેનું તારે શું કામ છે ?–આ આત્માની નજર કર ને ભાઈ ! તું ઊંધી નજર કરે છો એ તારો ઉલટો પુરુષાર્થ છે ને સવળો પુરુષાર્થ કરવો એ તારા હાથમાં છે, બાકી દુનિયાનું એના કારણે થયા કરે છે, તારે એનું શું કામ છે ? એની સંભાળ રાખે શું દિ' વળશે ? લાખ સંભાળ રાખીશ તોય શરીર–પૈસા આદિ એના કાળે હાલ્યા જશે, તારી સંભાળ કાંઈ કામ આવશે નહીં. જિંદગીભર આ શરીરને નવરાવ્યું, ખવરાવ્યું ને કંઈક સાચવ્યું પણ છેલ્લે ઘડીકમાં ફુ....થઈ જશે.

અહીં તો કહે છે કે પોતાની વાસનાને કારણે અજ્ઞાનીને જ્યારે ક્ષુધા–રોગ–ચિંતા આદિ હોય ત્યારે અનુકૂળ પદાર્થ પણ ઠીક લાગતા નથી. પર પદાર્થ કાંઈ ઠીક–અઠીક નથી પણ પોતાની વાસનાથી કલ્પના ઊભી કરી છે એમ અહીં સિદ્ધ કરવું છે.

ફરી દૃષ્ટાંત આપીને કહે છે કે કોઈ એ પક્ષી–ચકલા ચકલી સાથે રહે છે, તેને તડકામાં પણ સંતોષ–સુખ લાગતું હતું, પરંતુ રાત્રે તે બન્ને જુદા પડી ગયા ને ત્યારે શીતળ કિરણવાળી ચાંદની હોવા છતાં તેને સંતાપ લાગે છે. માદા સાથે હોય ત્યારે તડકો પણ સારો લાગે ને રાત્રે તેના વિયોગમાં શીતળ ચાંદની પણ સહન થતી ન હતી કેમકે સ્ત્રી ઉપર પોતાની વાસના છે ને! તેથી મનમાં દુઃખ હોય તેને લાખ–કરોડ અનુકૂળતા હોય તોપણ અરે! મને કયાંય ઠીક પડતું નથી!–એમ લાગે.

મનમાં દુઃખને લઈને કયાંય શાંતિ લાગતી નથી. ચાર–ચાર દિકરા રાજકુમાર જેવા હોય, ૧૫–૨૦ લાખની મૂડી હોય, રોજની બે–અઢી હજારની આવક હોય, શરીર નિરોગી હોય છતાં મનમાં કલ્પના ઊભી કરે કે આનું આમ થયું ને તેમ થયું—એ ચિંતામાં કયાંય ચેન પડે નહીં ને પછી મૂકે પડતું—આત્મહત્યા! બધું અનુકૂળ હોય છતાં મનમાં અશાંતિ હોય તો કાંઈ ઠીક લાગતું નથી. જો મનમાં શાંતિ હોય તો બહારની પ્રતિકૂળતા ગમે તે હોય તોપણ પોતે એકલો શાંતિને વેદે.

તેથી એમ સિદ્ધ થાય છે કે ઇન્દ્રિયજન્ય સુખ વાસનામાત્ર છે. આ તો ઇષ્ટોપદેશ છે ને! તેથી કહે છે કે આત્મા આનંદની મૂર્તિ છે, તેની દૃષ્ટિ કરવી તે જ ઇષ્ટ છે, પણ તેની દૃષ્ટિ ન કરતાં પર પદાર્થને વાસનામાત્રથી સુખ–દુઃખરૂપ માને છે. પરંતુ પરપદાર્થ કાંઈ ઇષ્ટ–અનિષ્ટ નથી, તેમ જ કર્મ કાંઈ તને સુખ–દુઃખ ઉપજાવતાં નથી, માત્ર વાસનાથી પરપદાર્થમાં સુખ–દુઃખની કલ્પના ઊભી કરે છે.

ભગવાન આત્મા આનંદકંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, ત્યાં દૃષ્ટિ દે, તને આનંદ આવશે. આત્મા વિશ્રામધામ છે, ત્યાં દૃષ્ટિ કર તો તને વિશ્રામ મળશે. રહેનારનું રહેવા યોગ્ય સ્થાન આત્મા છે. બાહ્ય રાગાદિ છે એ રહેનારનું સ્થાન નથી, એ તો રખડવાનું સ્થાન છે. ભાઈ! તારે સ્થિરપણે રહેવું હોય તો તે સ્થાન તારો આત્મા છે. અતીન્દ્રિય આનંદનું સ્થાન, વિશ્રામધામ એ રહેનારનું રહેઠાણ છે. માટે ત્યાં દૃષ્ટિ કર. ભગવાન આત્મા જ્ઞાનાનંદનું ધામ, સ્થિર થવાનું સ્થાન, રહેનારનું રહેઠાણ છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રી, સાતસો વર્ષનું આયુષ્ય પણ મરતાં હાય.... હાય....હા....કુરુમતિ....કુરુમતિ....કરતાં કરતાં નરકે ગયો! આત્માને જ્યાં અંદરમાં શાંતિ નથી ત્યાં બાહરમાં ગમે તેટલા અનુકૂળતાના–પુણ્યના ઠાઠ હોય તોપણ કાંઈ તેને સુખ ઉપજાવતાં નથી. કારણ કે બાહ્ય પદાર્થ કાંઈ સુખ–દુઃખનું કારણ નથી પણ મૂઢ જીવ વાસનામાત્રથી સુખ–દુઃખની કલ્પના ઊભી કરે છે.

તેથી એમ નક્કી થાય છે કે ઇન્દ્રિયોથી ઉત્પન્ન થનારા સુખ વાસનામાત્ર જ છે, તે આત્માનું સ્વાભાવિક સુખ નથી. ભગવાન આત્મા અનાકુળ આનંદ પ્રભુ છે, તેમાં દૃષ્ટિ દેવાથી સ્વાભાવિક આનંદ ઊપજે એવું સ્થાન આત્મા છે. ગોળના રવામાંથી જે

સ્વાદ નીકળે તે ગોળનો પોતાનો વાસ્તવિક સ્વાદ છે. તેમ ભગવાન આત્મા અતીન્દ્રિય-આનંદનો રવો છે, તેમાં અંતર્મુખ દૃષ્ટિ દેતાં જે અતીન્દ્રિય આનંદ ઊપજે તે સ્વાભાવિક આનંદ છે, કલ્પનામાત્ર નથી, પણ વાસ્તવિક સુખ છે.

ઇન્દ્રને કરોડો ઈન્દ્રાણીઓ હોય પણ તેમાં સુખ એ તો વાસનામાત્ર કલ્પના છે અને આત્મામાં દૃષ્ટિ દેતાં જે અનાકુળ સુખ ઊપજે તે કલ્પનામાત્ર નથી પણ વાસ્તવિક સુખ છે. પરંતુ પોતે એવડો મોટો છે એ એને બેસતું નથી! બીજો આવો મોટો.... ઓહોહોહો....!.......એમ બીજાને મોટપ આપે, પણ આ અંદર મોટો પદાર્થ આત્મા છે કે નહીં? એની કોઈ દિ' નજર પણ કરી નથી ને નજર કરવાની જરૂર છે એમ પણ જાણ્યું નથી.

પરપદાર્થ કાંઈ તને સુખ-દુઃખ આપતાં જ નથી. જે સ્ત્રી પહેલાં સારી લાગતી હતી તેને જ કહે મરને હવે! જો પર પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ હોય તો જે પદાર્થ ઇષ્ટ લાગતાં તે જ પદાર્થ અનિષ્ટ કેમ લાગે! એ તો અજ્ઞાનને લઈને મૂઢ જીવની વાસનામાત્ર કલ્પના છે. સુખના દેનારા જેમ તેં માન્યા હતાં તે જ દુઃખના દેનારા તેં માન્યા-એ બધી તારી વાસનામાત્ર કલ્પના છે. ભાઈ! પરવસ્તુ કાંઈ સુખ-દુઃખનું કારણ છે જ નહીં. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું કારણ છે ને ઊંધો પડીને વિકાર કરે તે દુઃખનું કારણ છે.

માટે સાર એ નીકળ્યો કે દેહધારીને બાહ્ય સંયોગમાં સુખ માનવું તે વાસનામાત્ર કલ્પના છે, વાસ્તવિક સુખ તેમાં છે જ નહીં. એ જ રીતે શરીરમાં રોગ આદિના લઈને હું દુઃખી છું—એ તો એની કલ્પના છે. મૂઢતાની મહેરબાનીથી પર પદાર્થમાં સુખ-દુઃખની કલ્પના ઊભી કરે છે. ૬.

આવું સાંભળીને શિષ્ય પ્રશ્ન કરે છે કે પર પદાર્થમાં સુખ-દુઃખ ખરેખર વાસનામાત્ર જ હોય તો લોકોને કેમ ખબર પડતી નથી? આપ કહો છો કે ઇન્દ્રિયના વિષયોમાં સુખ-દુઃખ વાસનામાત્ર કલ્પના છે તો લોકોને એમ કેમ ખ્યાલ આવતો નથી? તેના ઉત્તરરૂપે આચાર્યદેવ ગાથા કહે છે કે:—

મોહે આવૃત જ્ઞાન જે, પામે નહીં નિજરૂપ,
કોદ્રવથી જે મત્ત જન, જાણે ન વસ્તુસ્વરૂપ. ૭.

પોતાના અસાધારણ એવા આનંદ સ્વભાવને અજ્ઞાની મોહના લઈને પામતા નથી. અજ્ઞાની મોહનીય કર્મના ફળમાં જોડાઈ જઈને પોતાના અસાધારણ સ્વભાવને પામતા નથી. તેથી તેને પરમાં સુખ-દુઃખ છે એમ ભાસી જાય છે. ભગવાન આત્માના અસાધારણ સ્વભાવને નહીં પ્રાપ્ત કરતો થકો સ્વભાવમાં નહીં જોડાઈને વિભાવમાં જોડાવાથી પર પદાર્થમાં સુખ-દુઃખની કલ્પના કરે છે.

ભગવાન આત્માએ પોતાના સ્વભાવ તરફ લક્ષ કરીને પોતાનો વિકાસ કરવો જોઈએ તે છોડી દઈને મોહના પાકમાં જોડાઈને પોતાનો વિકાસ રુંધ્યો છે. બાપુ! કર્મ મને નુકશાન કરે છે એ વાત તને કેમ ગોઠે છે? તું તને નુકશાન કરે છે, ત્યારે કર્મ તેમાં નિમિત્ત કહેવાય છે—એ વાત તને કેમ ગોઠતી નથી? દસ વર્ષનો છોકરો ફરિયાદ કરે કે તેનાથી નાના છોકરાએ તેને માર્યું, તો મા કહે કે એલા! ઢગો છો! તારાથી નાનો છોકરો તને મારી ગયો? તેમ એલા! ઢગો છો? તું આત્મા અને કર્મ તને નુકશાન કરાવે? આવી રાવ-ફરિયાદ ક્યાંથી લાવ્યો? મૂરખ છો! કર્મ તને હેરાન કરતા નથી પણ તું તને હેરાન કરે છે ને રાવ કરે છો કે કર્મ મને હેરાન કરે છે.

જ્ઞાનાનંદ પ્રભુના શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક શાંતિ પ્રાપ્ત કરવાને બદલે કર્મના પાકને વશ થઈને—પોતે વશ થાય છે હો!-પર પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ જાણતા નથી, અવિકારી સ્વભાવને તું તારા શ્રદ્ધા-જ્ઞાનમાં લેતો નથી માટે વિકારના ભાવને તું તારા અપરાધથી કરે છે.

બાપુ! ભાઈ! કર્મ જડ મને નુકશાન કરે એમ બોલતા તને શરમ નથી લાગતી? એલા! તું ચૈતન્યમૂર્તિ આત્મા ને તને કર્મ-જડ હેરાન કરે?-એમ બોલતાં-કલ્પના કરતાં તને શરમ કેમ નથી આવતી? ભાઈ! તું ઊંધા પુરુષાર્થને લઈને સ્વભાવની સાવધાની કરતો નથી. તારું કામ તારા ઉપાદાનથી તારે કરવું છે કે પર તને કરી દ્યે?

દૃષ્ટાંતથી સમજાવે છે કે મદ ઉત્પન્ન કરનાર કોદ્રવના ખાવાથી ભાન ભૂલેલો માણસ પદાર્થોનું સ્વરૂપ યથાર્થ જાણતો નથી. કોદ્રવના લઈને ભાન ભૂલેલો નથી હો! પોતે ભાન ભૂલ્યો ત્યારે કોદ્રવ તેમાં નિમિત્ત કહેવાય છે. કેમ કે એક પદાર્થ બીજા પદાર્થને ત્રણ કાળમાં નુકશાન કરે નહીં.

તેમ આત્મા શુદ્ધ-આનંદકંદના પાકને પ્રગટ નહીં કરતો થકો કર્મના પાકમાં જોડાવાથી એટલે કે ચિદાનંદ ભગવાન આત્માના તાબે નહીં થવાથી કર્મને તાબે થવાથી જ્ઞાન ઢંકાઈ જતું હોવાથી જ્ઞાનમાં યથાર્થતા રહેતી નથી.

ભગવાન આત્મા પોતાના અસાધારણ સ્વભાવને સ્વાધીન ન થતાં, મોહને તાબે થયેલો હોવાથી દબાયેલું જ્ઞાન-વિરૂપ થયેલું જ્ઞાન સુખ-દુઃખ કોને કહેવા? શરીર શું છે?—એના સ્વભાવને જાણી શકતું નથી. શરીર તો માટી જડ છે, તે તો જ્ઞેય છે ને તું જ્ઞાતા છો, પણ ઢંકાયેલું-દબાયેલું જ્ઞાન એમ જાણતું નથી. સંયોગો સુખ-દુઃખ આપનારા નથી, એ તો બહારની જ્ઞેય ચીજ છે પણ પોતાના જ્ઞાનને ઢાંકી દીધું હોવાથી અજ્ઞાની એમ જોઇ-જાણી શકતો નથી. અંધારામાં કોઈ પુરુષાકાર પત્થર સાથે બાથમબાથ ઝગડો કર્યો ને પત્થર માથે પડયો, ત્યારે પેલો કહે ભાઈ સા'બ ઊભો થઈ જા, હું

કર્યો! પણ દિ' ઉગ્યો ત્યારે ખબર પડી કે એ તો પથ્થર છે. તેમ કર્મને ચોંટ્યો પોતે ને પછી કહે કે ભાઈ સા'બ ખસી જા, ખસી જા. પણ એલા! વિકારી ભાવ કર્યો તેં અને કહે કે કર્મે મને હેરાન કર્યો!

મોહનીય કર્મને વશ થયેલું જ્ઞાન વસ્તુના યથાર્થ સ્વરૂપને પ્રકાશવા અસમર્થ હોવાથી તે દેવ-શાસ્ત્ર-ગુરુને યથાર્થ ન જાણે, આત્માને ન જાણે, પુણ્યના પરિણામને પણ યથાર્થ ન જાણે—પુણ્યના પરિણામને યથાર્થ ન જાણતાં પુણ્યને ધર્મ જાણે.

આ તો ઇષ્ટોપદેશ છે બાપુ! ઇષ્ટ એટલે હિતકર ઉપદેશ. તારી ભૂલથી તું રખડે છો એ ઇષ્ટ-ઉપદેશ છે, કર્મના લઈને તું રખડે-એમાં ઇષ્ટ-ઉપદેશ ક્યાં આવ્યો?-કેમ કે એમાં પોતાને સુધરવાનું ક્યાં રહ્યું? માટે પર પદાર્થથી તને લાભ-નુકશાન થાય-એવો ઉપદેશ તને હિતકર નથી. તારા ઊંધા ભાવે તને અહિત થાય-એ ઉપદેશ તને હિતકર છે કે જેથી ઊંધા પુરુષાર્થને છોડીને તું સ્વભાવનો પુરુષાર્થ કરે.

આ આત્માનો અસાધારણ સ્વભાવ જ્ઞાન ને આનંદ છે, તેને પરથી જુદો કેમ પાડી શકતો નથી? ને વિકારનો અસાધારણ સ્વભાવ દુઃખ છે તેને પોતાથી ભિન્ન કેમ જાણી શકતો નથી?-કે મોહથી ઢંકાયેલું જ્ઞાન વિપરીત થઈ ગયું છે માટે એને ભિન્ન પાડી શકતો નથી.

રાગ-દ્વેષનો અસાધારણ સ્વભાવ મલિનતા-દુઃખ, કર્મનો જડ સ્વભાવ અને ચૈતન્યનો અસાધારણ સ્વભાવ જ્ઞાન ને આનંદ—એમ પદાર્થના આવા જુદા જુદા સ્વભાવને મોહમાં પડેલો અજ્ઞાની જાણી શકતો નથી. તેથી એને એક માની રહ્યો છે. તે એનો પોતાનો વાંક છે ને એને જુદા જાણે તો એ એનો પોતાનો ગુણ છે, પણ તે બીજું કોઈ કરી દે એમ નથી. પોતે જ કરવાનું છે. વિશેષ કહેશે. (-ક્રમશઃ)

## * અંતરની વિભૂતિને દેખ *

ભાઈ! તું અનંતી ઋદ્ધિથી ભરેલો ભગવાન છો, એને તું ભૂલી ગયો ને સંસારની ભૂલ-ભૂલામણીમાં ચડી ગયો, તેથી એ ભૂલ-ભૂલામણીમાંથી માર્ગ નીકળતો નથી. બહારની વિભૂતિને ને સ્ત્રી-પુરુષની સુંદરતાની વિભૂતિને દેખી દેખીને અંતરની વિભૂતિને તું ભૂલી ગયો છો. એ ભૂલવણીની વિભૂતિને દેખવું ભૂલી જા તો તારી અંતરની વિભૂતિની આશ્ચર્યતા ને મહાનતા તને દેખાશે.

—પૂજ્ય ગુરુદેવ

# શુદ્ધાત્મ–અવલોકન

卐 जाण अलिंगग्गहणम् ।

[ શ્રી સમયસાર ગાથા–૪૯, અવ્યક્ત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

[ તા. ૨૨–૧–૭૮ ]

શ્રી સમયસારશાસ્ત્રની ૪૯ મી ગાથામાં અવ્યક્તનો આ પાંચમો બોલ છે.

પહેલાં બોલમાં તો એમ લીધું હતું કે એક બાજુ ભગવાન આત્મા ને બીજી બાજુ છ દ્રવ્ય. પોતાની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય છે પણ છ દ્રવ્ય ને તેની પર્યાયોથી ભગવાન આત્મા સાતમો ભિન્ન છે—એમ હે શિષ્ય તું જાણ!

બીજા બોલમાં એમ કહ્યું કે કષાયોનો સમૂહ જે વ્યક્ત છે, તેનાથી ભગવાન આત્મા ભિન્ન છે. વ્યવહારરત્નત્રયથી પણ ભિન્ન છે તે આદરણીય છે.

ત્રીજા બોલમાં એમ કહ્યું કે ભૂત ને ભવિષ્યની પર્યાયો જેમાં અંતર્લીન છે એવા જ્ઞાયકસ્વરૂપ ચિત્સામાન્યને હે શિષ્ય તું અવ્યક્ત જાણ!

ચોથા બોલમાં ક્ષણિક વ્યક્તિમાત્ર નથી—એમ કહીને અવ્યક્ત એટલે ત્રિકાળી વસ્તુ જે છે તે જ આદરણીય છે બાકી બધું જાણવાલાયક છે એમ સિદ્ધ કર્યું. હવે પાંચમો બોલ કહે છેઃ—

**વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. ૫.**

પ્રગટ અને અપ્રગટ એકમેક મિશ્રિતરૂપે પ્રતિભાસિત થવા છતાં એટલે કે પર્યાયમાં પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન એક સમયમાં એકમેક સાથે હોવા છતાં—જ્ઞાન તો એક સમયમાં બન્નેનું થાય છે છતાં-પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. શ્રી સમયસારશાસ્ત્રની ત્રીજી ગાથામાં તો એમ કહ્યું છે કે પ્રત્યેક પદાર્થ પોતાના અનંત ધર્મને ચુંબે છે—સ્પર્શે છે, પણ પરદ્રવ્યને કદી સ્પર્શ કરતું નથી. ત્યાં પરથી ભિન્ન-જુદો બતાવવા એમ કહ્યું છે અને અહીં તો પર્યાય અને દ્રવ્યને-બન્નેને ભિન્ન કરવાની વાત સમજાવે છે. વ્યક્ત પ્રગટ નિર્મળ પર્યાયો અને અવ્યકત દ્રવ્ય-બન્નેનું એકમેક જ્ઞાન મિશ્રિત હોવા છતાં, વ્યક્તતાને દ્રવ્ય સ્પર્શ કરતું નથી, પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. પોતાનું ત્રિકાળી દ્રવ્ય છે તે ધ્રુવ છે તે વ્યક્ત પર્યાયને સ્પર્શ કરતું નથી. અડતું નથી. આ કઈ નયનું કથન છે એ સમજવું જોઈએ, એક જ વાત પકડીને કહે કે એક જગ્યાએ ચુંબે છે-સ્પર્શે છે એમ કહ્યું અને અહીં સ્પર્શની ના પાડે છે તો તેને સમજાવે છે કે અહીં ચુંબનની

–સ્પર્શની ક્યાં હા પાડી છે? પરદ્રવ્યના ચુંબનની–સ્પર્શની ના તો બધે રાખી જ છે. કોઈ પદાર્થ બીજા પદાર્થને ત્રણ કાળ ત્રણ લોકમાં સ્પર્શતો–અડતો નથી, પણ અહીં તો તેનાથી વિશેષ અંદરની વાત સમજાવવી છે, અવ્યક્તને અહીં સિદ્ધ કરવું છે, અવ્યક્તને હે શિષ્ય! તું જાણ, તારી પર્યાયમાં અવ્યક્તને તું જાણ. એ અવ્યક્ત દ્રવ્ય કેવું છે? —કે પર્યાયને અડતું–સ્પર્શતું નથી.

આ આત્મા છે તે શરીર, કર્મ, વાણી, મન, દેવ–ગુરુ–શાસ્ત્રાદિ પરવસ્તુને કદી સ્પર્શતો જ નથી. કારણ કે આત્મામાં તો પરનો અત્યંત અભાવ છે. અહીં તો પર્યાયને દ્રવ્ય અડતું–સ્પર્શતું નથી–એમ કહે છે. પર્યાય દ્રવ્યને પણ જાણે છે અને પોતાને પણ જાણે છે, અહીં નિર્મળ પર્યાયની–મોક્ષમાર્ગની પર્યાયની વાત કરે છે, મલિન પર્યાયનો નિષેધ તો કષાયની વાત કરી તે બોલમાં લીધી હતી, તેની તો અહીં વાત નથી. પોતાની મોક્ષમાર્ગની–નિર્મળ પર્યાય છે તેને દ્રવ્ય સ્પર્શ કરતું નથી, અડતું નથી–એમ કહીને અવ્યક્તને સિદ્ધ કરવું છે. અવ્યક્ત જે દ્રવ્ય છે તે પર્યાયને અડતું–સ્પર્શતું–ચુંબતું નથી તે કારણથી તે ભિન્ન–અવ્યક્ત છે. અવ્યક્ત છે તે વ્યક્તને સ્પર્શતું નથી તે કારણથી વ્યક્તથી અવ્યક્ત ભિન્ન છે. ભાઈ! આ વાત બહુ ઝીણી–સૂક્ષ્મ છે, પણ સમજવા જેવી છે.

मोक्षमहलकी प्रथम सीड़ी સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તો સમ્યગ્દર્શનનો વિષય અવ્યક્ત છે તે અહીં સિદ્ધ કરે છે; તે સમ્યગ્દર્શન પર્યાય છે અને પર્યાયમાં અવ્યક્તની પ્રતીતિ થાય છે. શ્રી ચિદ્‌વિલાસમાં કહ્યું છે કે અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે છતાં નિત્ય અનિત્યને સ્પર્શતું નથી. શરીર કુટુંબ દેશ આદિ તારું છે નહિ, તારી વસ્તુમાં પણ છે નહિ પણ તે 'મારું છે' એવી મમતાના પરિણામ પણ તારી વસ્તુમાં નથી; એ પરિણામ તો તારી વસ્તુમાં નથી પણ જ્યાં વસ્તુનું ભાન થયું કે જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ પ્રભુ તે હું છું–એવું પર્યાયમાં જ્યાં જ્ઞાન થયું ત્યાં પર્યાયનું જ્ઞાન ને અવ્યક્તનું પણ જ્ઞાન થયું, પણ તે અવ્યક્ત વ્યક્તને સ્પર્શતું નથી,—એમ જાણ!

આત્મદ્રવ્ય નિત્યાનંદ પ્રભુ એકરૂપ ત્રિકાળ રહે છે તે કોઈ પણ નિર્મળ પર્યાયને પણ સ્પર્શતું નથી. કેવળજ્ઞાનની પર્યાય હો તોપણ દ્રવ્ય તે કેવળજ્ઞાનની પર્યાયને અડતું નથી. કેવળજ્ઞાન કેવળજ્ઞાનને જાણે, કેવળજ્ઞાન દ્રવ્ય–ગુણને જાણે, જાણવામાં આવે છે છતાં તે કેવળજ્ઞાનની પર્યાય એક સમયની છે અને ભગવાન આત્મા તો નિત્યાનંદ અવિનાશી છે; તે અવિનાશી ભગવાન વિનાશીક પર્યાયને સ્પર્શતો નથી. અવિનાશીનો નિર્ણય, અવિનાશીનું જ્ઞાન અને અવિનાશીમાં સ્થિરતા—એ ત્રણેને દ્રવ્ય સ્પર્શતું નથી.

અરેરે! વેપારધંધા આડે ક્યારે નવરાશ મેળવીને આ સમજવું? નવરાશ ન મળે તો શું કરવું! અરેરે! જન્મ–મરણ કરતાં કરતાં આ અવસર ચાલ્યો જાય છે. અહાહા! મનુષ્યપણાનો એક એક સમય જે કૌસ્તુભમણી જેવો અમૂલ્ય છે તે ચાલ્યો જાય છે.

કૌસ્તુભમણીની કિંમત કરે પણ આ મનુષ્યપણાના સમયની કિંમત કરતો નથી. આત્માના અનુભવ માટે આ મનુષ્યભવનો એક એક સમય છે પણ તેનો તે વિચાર કરતો નથી.

વ્યક્તતા એટલે પ્રગટ નિર્મળ પર્યાયો તથા અવ્યક્ત એટલે દ્રવ્ય તે બન્નેનો એકરૂપ પ્રતિભાસ-પર્યાયમાં બન્નેનું જ્ઞાન થવા છતાં અવ્યક્ત દ્રવ્ય વ્યક્તતાને સ્પર્શ કરતું નથી. જો એક સમય માત્ર પણ એકમેક થઈને સ્પર્શ કરે તો તો બે સત્ રહેતા નથી. શ્રી જયસેનાચાર્યે ગાથા ૩૨૦ માં પણ એમ કહ્યું છે કે ધર્મી જીવને વર્તમાન નિર્મળ જ્ઞાનની પર્યાય થઈ તેનું તે ધ્યાન કરતો નથી. નિરાવરણ, ત્રિકાળ, અખંડ, જ્ઞાયક એકરૂપ છું તેનું ધ્યાન કરે છે. ભલે ધ્યાન તે પર્યાય છે પણ પર્યાયનું ધ્યેય, ધ્યાનનું ધ્યેય ધ્રુવ છે. એ ધ્રુવ ધ્યાનનું ધ્યેય હોવા છતાં અને જ્ઞાનની પર્યાયમાં એ ધ્રુવનું જ્ઞાન આવવા છતાં પણ ધ્રુવ પર્યાયમાં નથી આવતું. દ્રવ્ય ને પર્યાયનું જ્ઞાન એક સાથે થવા છતાં દ્રવ્ય પર્યાયને સ્પર્શતું-અડતું નથી.

અહીં સાધક જીવની વાત છે. जाण એમ કહે છે તે સાધકને કહે છે, કાંઈ કેવળીને કહેતા નથી. નય સાધકજીવને હોય છે, કેવળીભગવાનને નય હોતી નથી, એને તો પૂર્ણ કેવળજ્ઞાન થઈ ગયું છે. નીચે જે શ્રુતજ્ઞાની છે તેને બે નય પડે છે, એક પર્યાયનય અને બીજી દ્રવ્યનય; તો પર્યાયનયમાં-પર્યાયમાં--દ્રવ્ય ને પર્યાયનું જ્ઞાન હોવા છતાં પર્યાયને પર્યાયવાન અડતો-સ્પર્શતો નથી. ભગવાન આત્મા નિત્ય પ્રભુ અનિત્ય પર્યાયને સ્પર્શતો નથી. અજબગજબની વાત છે ને! પોતાની પર્યાયને સ્પર્શતો નથી! તો પરને સ્પર્શે એ વાત તો છે જ નહીં.

અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં એમ કહ્યું કે ભૂતકાળમાં જે હતું તે જ આ છે એવા પ્રત્યભિજ્ઞાનનું કારણ જે દ્રવ્યસામાન્ય તેને શુદ્ધપર્યાય સ્પર્શતો નથી. અહીં પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી એમ કહે છે. ત્યાં કહ્યું કે ત્રિકાળી ભગવાન જે કાલે હતો તે આ છે, આ છે-એવું જે ત્રિકાળી સામાન્યસ્વરૂપ ધ્રુવ દ્રવ્ય તેને નહીં સ્પર્શતો નિર્મળ પર્યાય તે આત્મા છે તેમ કહ્યું છે. અહીં પર્યાયને સ્પર્શતો નથી તે અવ્યક્ત છે-એમ કહે છે. આ તો અગમનિગમની વાતો છે, બધે પડખેથી સમજવું પડશે. જેમ હળદરના ગાંઠીયાથી ગાંધી ન થવાય તેમ થોડા બોલ આવડે તો બધું સમજી જવાય-એમ નથી. ત્યાં ૨૦ માં બોલમાં કહ્યું કે ભગવાન આત્મા દ્રવ્ય છે તે વેદનમાં તો આવતો નથી, અમને વેદનમાં આવે છે તે પર્યાય જ અમારી વસ્તુ છે.

અહીં દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી એમ કહ્યું છે ને ૨૦ માં બોલમાં પર્યાય-વિશેષ છે તે દ્રવ્યને સ્પર્શતું નથી એમ કહ્યું છે, કારણ કે અમારી પર્યાયમાં જે આનંદનું વેદન આવ્યું તે વેદન જ હું છું, અમને વેદનમાં જે આવ્યું તે પર્યાય જ હું છું. વખારમાં ગમે તેટલો માલ પડયો હોય પણ ખાવામાં જે માલ આવે તેટલો

જ માલ જેમ માને છે તેમ દ્રવ્યમાં ગમે તેટલી શક્તિ હોય પણ પર્યાયમાં જે વેદનમાં આવે તેટલો જ હું છું એમ માને છે. આ તો પરમ સત્ય સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ પરમાત્માની સીધી વાણી છે, ગણધરો અને ઈન્દ્રોની વચ્ચે આ વાણી નીકળતી હતી, એ વાણી શ્રીમદ્ કુંદકુંદાચાર્ય અહીં લાવ્યા છે. જગતના ભાગ્ય છે કે સમયસાર પ્રાભૃત બનાવીને ભેટ આપ્યું. પ્રભુ! તને આત્મા ભેટ આપ્યો, તારી ત્રિકાળી વસ્તુ તને ભેટ આપે છે, તેની દૃષ્ટિ કર તો તને ભેટ મળી ગઈ. એ આ સમયસાર છે.

શ્રી સમયસારશાસ્ત્રની ત્રીજી ગાથામાં એમ કહે કે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ચુંબે-સ્પર્શે છે, અહીં એમ કહે છે કે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી, અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં એમ કહે કે શુદ્ધ પર્યાયમાત્ર આત્મા દ્રવ્યને સ્પર્શતો નથી, અહીં કહે છે કે વ્યક્તને સ્પર્શતો નથી, પર્યાયને સ્પર્શતો નથી. દ્રવ્ય તો છે ને! છે તે પોતે પોતામાં છે તેથી દ્રવ્યને સ્પર્શે છે એમ કહેવાય છે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક રચિત સ્વાત્માનુભવમનનમાં કહે છે કે છ દ્રવ્યથી ભિન્ન આત્મા સપ્તમ થઈ જાય છે. પોતાના આનંદસ્વરૂપના વેદનમાં પરથી ભિન્ન થઈને આત્મા એકલો રહે છે. તેમાં પણ બે પ્રકાર છે! આનંદની પર્યાયને દ્રવ્ય સ્પર્શ કરતું નથી, અને દ્રવ્યને શુદ્ધ પર્યાયમાત્ર આત્મા સ્પર્શ કરતો નથી.

શ્રી ચારિત્રપાહુડમાં ચારિત્રદશાને अक्षयअमेय કહ્યું છે. ત્યાં દશાની વાત કરી છે, દ્રવ્ય ને ગુણ તો જે છે તે છે. અક્ષયઅમેય એવી વસ્તુ જે છે, ક્ષય ન પામે ને મર્યાદારહિત વસ્તુ જે આ ભગવાન છે તેનું જે જ્ઞાન, દર્શન ને ચારિત્રરૂપ પર્યાય થઈ એ પણ અક્ષય અમેય થઈ, તે ક્ષય-નાશ રહિત છે. કાયમ રહેવાવાળી છે. અહીં અવ્યક્તના બોલમાં તે કાયમ રહેવાવાળી પર્યાયને એક સમયની ગણવામાં આવી છે ને તેને દ્રવ્ય અડતું નથી એમ કહ્યું છે. અવ્યક્તને જાણ-એમ કહ્યું છે ત્યાં દ્રવ્ય ઉપર જોર આપે છે. બન્ને જાણવાનું કહ્યું છે ખરું પણ વ્યક્તને સ્પર્શતું નથી એવી વસ્તુને-અવ્યક્તને જાણવાનું કહ્યું છે. પ્રગટ નિર્મળ પર્યાય અને અપ્રગટ દ્રવ્ય-આ બેને જાણવા છતાં જે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી, અડતું નથી એવા અવ્યક્તને હે શિષ્ય! તું જાણ. આહાહા! દિગંબર સંતોની વાણી તો તીર્થંકર પરમાત્માના ઘરની વાણી છે.

૨૦માં બોલમાં કહ્યું કે વેદનમાં આવે તે આત્મા. સામાન્ય ત્રિકાળી દ્રવ્ય છે તે ધ્રુવ છે અને ધ્રુવનો અનુભવ તો હોતો નથી, ધ્રુવનું વેદન તો થતું નથી. છતાં ક્યારેક એમ કહેવાય છે કે ધ્રુવનો અનુભવ કર; ત્યાં કહેવાનો આશય એમ છે કે જે પર્યાયમાં રાગ તરફનો દુઃખનો અનુભવ હતો તે છોડીને ધ્રુવ તરફ વળીને આનંદનો અનુભવ કર. ત્યાં ધ્રુવનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે. પણ ધ્રુવ વસ્તુ છે તે વેદનમાં આવતી નથી. ક્યારેક એમ કથનમાં આવે કે ', જ્ઞાયકનો આવિર્ભાવ થયો" ત્યાં જ્ઞાયક વસ્તુ છે તે છે જ, વસ્તુમાં આવિર્ભાવ ને તિરોભાવ છે જ નહીં, પણ જ્યાં સમ્યગ્દર્શન થયું કે આ તો અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ છે-એવું ભાન થયું ત્યારે જ્ઞાયકભાવનો

જે ખ્યાલ ન હતો તે ખ્યાલ આવ્યો ત્યારે "જ્ઞાયકભાવ આવિર્ભાવ થયો" "જ્ઞાયકભાવ પ્રગટ થયો" એમ કહેવામાં આવે છે. શું જ્ઞાયકભાવ પ્રગટ થાય છે? પ્રગટ તો પર્યાય થાય છે છતાં ભાષામાં એમ જ આવે છે. જ્યાં સુધી રાગની એકતા છે, એક સમયની પર્યાયમાં પણ જ્યાં સુધી મૂઢતા છે ત્યાં સુધી દ્રવ્યને જાણતો નથી માટે ત્યાં સુધી દ્રવ્ય તિરોભૂત છે, દ્રવ્ય ઢંકાઈ ગયું છે એમ કહેવાય છે.

અહીં કહે છે કે વ્યક્તને દ્રવ્ય સ્પર્શતું નથી. અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં કહ્યું કે શુદ્ધ પર્યાયમાત્ર આત્મા દ્રવ્યને સ્પર્શતો નથી. શ્રી સમયસાર ગાથા ૩ માં કહ્યું કે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેને સ્પર્શે છે–ચુંબે છે, તો કઈ નયથી કથન છે તે બરાબર સમજવું જોઈએ. ત્રીજી ગાથામાં તો પરદ્રવ્યથી ભિન્ન સિદ્ધ કરવું છે. ૧૮–૧૯–૨૦ માં બોલમાં પર્યાય ને દ્રવ્ય બન્નેને ભિન્ન સિદ્ધ કરવા છે અને અહીં પણ બન્નેને ભિન્ન સિદ્ધ કરવા છે. શાંતિથી વાંચીને વિચાર કરે તો એમ થાય કે માર્ગ આમ જ છે, બીજી રીતે હોય જ નહીં. આજે માનો કે કાલે માનો, કબૂલ કર્યે છૂટકો છે. દિગંબર સંતોએ ટૂંકામાં પણ ઘણી ગંભીર વાત કરી છે. દિગંબર સંતો પરમાત્માના કેડાયતો છે, એકાદ ભવમાં મુક્તિ લેવાવાળા છે, એકાદ ભવમાં **नमो सिद्धाणम्** માં ભળી જવાના છે, એવા સંતોની આ વાણી કરુણા કરીને આવી છે.

એક સમયની પર્યાયમાં ધ્રુવનું જ્ઞાન ને પર્યાયનું જ્ઞાન મિશ્રિત છે. ધ્રુવ એક સમયની પર્યાયમાં આવતું નથી પણ એનું જ્ઞાન છે. શ્રી સમયસારશાસ્ત્રની ગાથા ૧૭–૧૮ માં આવે છે કે દરેક જીવને પોતાની પર્યાયમાં દ્રવ્ય જ જાણવામાં આવે છે, જ્ઞાયક છે તે પર્યાયમાં આવતો નથી પણ પર્યાયમાં જ્ઞાયકનું જ્ઞાન થાય જ છે. પરંતુ અજ્ઞાનીની દૃષ્ટિ રાગ, નિમિત્ત ને પર્યાય ઉપર છે તેથી જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયકનું જ્ઞાન થવા છતાં પરનું જ્ઞાન કરું છું–એમ અજ્ઞાની ભ્રમણા કરે છે.

ભગવાન આત્મા એક સમયની જ્ઞાનની અવસ્થામાં બધાને–સ્વ-પરને જાણે છે. સ્વ-પર પ્રકાશક શક્તિ જ્ઞાનની દરેક પર્યાયમાં છે તેથી સ્વજ્ઞેય એવો પોતાનો આત્મા સ્વ-પ્રકાશક પર્યાયમાં જણાય જ છે; પણ દૃષ્ટિ તે તરફ ન હોવાથી વર્તમાન પર્યાય ને રાગ ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયમાં સ્વજ્ઞેય જણાતું હોવા છતાં તે જણાતું જ નથી એમ અજ્ઞાની માને છે.

અહીં તો કહે છે કે પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન ને પર્યાયનું જ્ઞાન તો થાય છે છતાં દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. જેમાં પોતાનું જ્ઞાન છે એવી જ્ઞાનપર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. આહાહા! ગજબ વાત છે ને! આ તો થોડું લખ્યું ઘણું કરીને જાણજો–એવી વાત છે. જેનું લક્ષણ સ્વ-પર–પ્રકાશક છે એ લક્ષણ કયાં જાય? જાગતી પર્યાયમાં જાગતા જીવનું જ્ઞાન થાય છે ને છતાં તારી દૃષ્ટિમાં અનાદિથી પર ઉપર લક્ષ હોવાથી પર્યાયમૂઢ થઈ રહ્યો છો. પર્યાયમાં દ્રવ્ય જાણવા છતાં પર્યાયમૂઢ થઈ ગયો છે.

અહીં સિદ્ધ તો અવ્યક્તને કરવું છે. વ્યક્ત ને અવ્યક્તનું જ્ઞાન કરાવીને સિદ્ધ તો અવ્યક્તને કરવું છે. આ અવ્યક્ત છે તે જ ઉપાદેય કરવાનું કહે છે. ઉપાદેય કરવાવાળી તો પર્યાય છે. જેને દ્રવ્ય સ્પર્શતું નથી એ પર્યાયમાં આ ઉપાદેય છે એમ માનવાનું કહે છે. ભાષા સાદી આવે છે. ચાર ચોપડીનો ભણેલો હોય તે પણ આ સમજી શકે તેમ છે. આ બધું જાણવામાં ને માનવામાં ઘણા શાસ્ત્રોનો અભ્યાસ હોય તો જ જાણી શકાય એવું નથી. આ તો અંતરની રુચિમાં પોષાય તો સમજાય એવું છે. કહે છે કે એક સમયની પર્યાયમાં વ્યક્તનું ને અવ્યક્તનું મિશ્રિતરૂપે જ્ઞાન થવા છતાં જે વ્યક્તને સ્પર્શતો નથી તે અવ્યક્ત છે અને તે જ ઉપાદેય છે. વિશેષ કહેવાશે. [ -ક્રમશઃ ]

# * અગાધ ચૈતન્યસ્વભાવ *

મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો છે તે પરમભાવ આગળ ઇન્દ્ર ને ચક્રવર્તીના વૈભવની તો શું વાત? પણ ત્રણલોકનો વૈભવ તુચ્છ લાગે છે. બીજું તો શું પણ મારી સ્વાભાવિક નિર્મળ પર્યાય તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે મારી નથી. પરદ્રવ્યો તો મારા નથી જ, અંદર રાગાદિભાવ થાય તે પણ મારા નથી જ, પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી જે મને નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે તેની પણ મને કાંઈ વિશેષતા નથી. મારો દ્રવ્યસ્વભાવ તો અગાધ, અગાધ છે, તેની પાસે નિર્મળ પર્યાયની વિશેષતા શું? દયા-દાન-ભક્તિ આદિના શુભ રાગની તો શું વાત! પણ અનંત શક્તિમય અગાધ ચૈતન્યસ્વભાવ પાસે પ્રગટ થયેલ નિર્મળ પર્યાયની પણ વિશેષતા નથી. આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય? -કે ચૈતન્યનો અપાર અપાર મહિમા લાવી, નિમિત્તથી, રાગથી, પર્યાયથી બધાથી પાછો વળીને પોતાના સ્વભાવ તરફ વળે ત્યારે પ્રગટ થાય. આહાહા! એકલું માખણ છે. જગતના ભાગ્ય છે કે આવી વસ્તુ (-'બહેનશ્રીનાં વચનામૃત') ટાણે આવી.

—પૂજ્ય ગુરુદેવશ્રી

[ વૈરાગ્ય અને પુરુષાર્થ....પાનું ૨ થી ચાલુ ]

આ ભરતક્ષેત્રમાં કાશી નામનો બહુ મોટો દેશ છે. તીર્થંકર પરમદેવના પંચ-કલ્યાણકોથી અનેક પ્રકારની શોભાથી બહુ સુશોભિત છે. આ કાશી દેશમાં બનારસ નામનું એક નગર છે. તેમાં વિશ્વલોચન નામના રાજા રાજ્ય કરતા હતા. તે રાજાને વિશાલાક્ષી નામની રાણી હતી. તે ઇન્દ્રાણી, રતીદેવી, નાગસ્ત્રી અથવા દેવાંગનાઓ જેવી સુંદર હતી. રાજા વિશ્વલોચનને તે બહુ જ પ્રિય હતી.

એક દિવસ રાણી વિશાલાક્ષી પ્રસન્નતાથી પોતાની ચામરી અને રંગિકા નામની બે દાસીઓ સાથે રાજમહેલના ઝરૂખામાં ઊભી હતી. રાજમાર્ગમાં નાચ, ગાન, આદિથી સુશોભિત એક નાટક ચાલી રહ્યું હતું જે સમસ્ત નગરજનોના મનને મોહિત કરતું હતું. તે નાટકને દેખતાં રાણી વિશાલાક્ષીનું મન ચંચળ થઈ ગયું, રાણી પોતાના હૃદયમાં વિચાર કરવા લાગી કે આ રાજ્યસુખથી મને શું લાભ છે? હું તો એક અપરાધીની જેમ જેલખાનામાં બંધાઈને પડી છું, સંસારમાં તે જ સ્ત્રીઓ ધન્ય છે કે જેઓ પોતાની ઇચ્છા અનુસાર ચાહે ત્યાં સ્વતંત્રપણે ઘૂમતી ફરે છે. પરંતુ પહેલા પાપ-કર્મોદયથી મને ઇચ્છાનુસાર હરવા-ફરવાનું સુખ મળ્યું નથી એટલે હવે હું ઇચ્છાનુસાર હરવા-ફરવારૂપ સંસારનું ફળ જલ્દી અને કાયમ માટે ઇચ્છું છું. આ વિષયમાં લજ્જા મારું શું કરશે? આ રીતે રાણી ચિંતા કરવા લાગી અને છલ-કપટમાં અત્યંત ચતુર એવી પોતાની બે દાસીઓને બોલાવીને કીધું કે હે દાસીઓ! ઇચ્છાનુસાર હરવા-ફરવાના સુખથી તો મનુષ્યભવ સફળ થાય છે અને તે કામ-ભોગને આપવાવાળું છે. એટલે આપણે અહીંથી જલ્દી નીકળીને ઇચ્છાનુસાર ફરવું જોઈએ. તેના ઉત્તરમાં દાસીઓ કહેવા લાગી કે તમે આ વિચાર બહુ સારો કર્યો છે. સંસારમાં મનુષ્યજન્મનું ફળ એ જ છે.

ત્યારબાદ કામ-વાસનાથી પીડિત, અંધી તથા દુષ્ટ હૃદયવાળી એવી કુલાચાર રહિત અને કુબુદ્ધિને ધારણ કરવાવાળી રાણી પોતાના પાપકર્મોદયથી બે દાસીઓ સાથે ઘરેથી નીકળવાનો ઉપાય કરવા લાગી. જૂઠું બોલવું, દુર્બુદ્ધિ થવું, કુટિલહૃદય, છળકપટ કરવું અને મૂર્ખતા એ સ્ત્રીઓના સ્વાભાવિક ગુણ છે. આ બધા ગુણો રાણીમાં વિદ્યમાન હોવાથી રાત્રિ પડતાં રૂ ભરીને એક સ્ત્રીનું પૂતળું બનાવ્યું અને તેને કપડાં તથા દાગીનાથી શ્રૃંગાર કર્યો અને આબેહુબ પોતાના રૂપ જેવું બનાવી પલંગ પર સુવડાવી દીધું.

રાણીએ દ્વારપાલ આદિ સેવકોને પણ વસ્ત્રાભૂષણ-ધન આદિ આપીને પોતાના વશમાં કરી લીધા. પછી રાણીએ પૂર્વે કરેલા પાપ-કર્મોદયથી બન્ને દાસીઓને સાથે લઈને કોઈ દેવીની પૂજાના બહાને અડધી રાતે રાજમહલ છોડી દીધો તથા સુન્દર વસ્ત્રાભૂષણ તથા રાજ્યના ચિન્હોને તજીને ભગવા રંગના કપડા પહેરીને જોગણનું રૂપ ધારણ કર્યું

રાજ્યમાં મળનારું ભોજન તો છૂટી ગયું એટલે ભૂખ શાંત કરવા વૃક્ષના ફળ ખાવા લાગી.

રાજા વિશ્વલોચન રાત્રિના સમયે રાણીના મહેલમાં ગયા. રાણીનો સણગારેલો પલંગ જોઈ ખૂબ ખુશ થયો, પરંતુ રાણીનો આદર-સત્કાર ન જોઈને વિચાર કરવા લાગ્યા કે આજે રાણીને શું થયું છે! એના શરીરમાં કોઈ રોગ થયો છે કે શું થયું! ચિંતાથી વ્યાકુલ રાજાએ પલંગમાં બેસીને રાણીને સ્પર્શ કર્યો ત્યારે સમજ્યા કે આ તો રાણીનું પૂતળું છે અને રાણીને કોઈ પાપી હરણ કરી ગયો છે. તેમ જાણીને રાજા બેહોશ થઈ જમીન પર પડી ગયા અને સેવકો દ્વારા શીતોપચારથી રાજા હોંશમાં આવતાં રાણીના ગુણ-ગાન કરવા લાગ્યા કે હે ચંદ્રવદની! તું ક્યાં ગઈ? તારી રક્ષા કરવાવાળી બન્ને દાસી ક્યાં ગઈ? આ મહેલમાં કોઈ આવી પણ ન શકે છતાં તને કોઈ ઉપાયથી હરણ કરી ગયા કે પછી કુળ-આચારથી રહિત દુષ્ટ તું પોતે જ નષ્ટ થઈ ગઈ છો? નીચ મનુષ્યોની સંગતથી સજ્જન પણ નષ્ટ થઈ જાય છે. સ્ત્રી જેવી અંદરથી હોય છે એવી બહાર ન દેખાય, અને જેવી બહાર દેખાય એવું કાર્ય નથી કરતી. સ્ત્રીઓના ચારિત્રને ભલા કોણ જાણી શક્યું છે? અહા!! સમસ્ત ગુણોનો ધારણ કરવાવાળો અને પ્રજાપાલનમાં ચતુર એવો ૧૦ વર્ષનો પુત્ર અને પટરાણીપદ છોડીને કેમ ચાલી ગઈ? આ રીતે રાણીના વિયોગમાં રાજા ઘણા સમય સુધી દુઃખી થઈને મરી ગયો અને મંત્રી આદિએ એના પુત્રને રાજ્ય ગાદીએ બેસાર્યો.

એ રાજાનો જીવ મરીને બહુ ઊંચો હાથી થયો, એના પુણ્યોદયથી એ વનમાં એક અવધિજ્ઞાની મુનિ પધાર્યા. મુનિએ હાથીને ધર્મોપદેશ આપ્યો. એ સાંભળીને હાથીએ શ્રાવકના વ્રત ધારણ કર્યા અને અંત સમયમાં સમાધિમરણથી મરીને પહેલાં સ્વર્ગમાં દેવ થયો. સ્વર્ગના સુખો ભોગવીને ત્યાંથી ચ્યુત થઈને તુ મહીચંદ્ર નામનો ઉત્તમ રાજા થયો છે. પૂર્વભવના સ્નેહથી તને આ કન્યાઓને દેખીને પ્રેમ થયો છે અને આગળ જતાં તારી મુક્તિ થશે.

હે રાજા મહીચંદ્ર! હવે તું આ ત્રણે સ્ત્રીઓની કથા સાંભળ! તે ત્રણે સ્ત્રીઓ પોતાની ઈચ્છાનુસાર ખૂબ જ પ્રસન્નતાથી અનેક દેશોમાં ભ્રમણ કરવા લાગી. આ ત્રણે જોગણ સાથે બીજી ઘણી જોગણ હતી જે સદા ભીખ માંગી માંગી પેટ ભરતી હતી. તે જોગણો હંમેશા પ્રમાદ કરવાવાળી, મદીરા પીતી અને શરીરને પુષ્ટ રાખવા માંસ ખાતી તથા અનેક જીવોથી ભરેલા તથા મહાપાપ ઉત્પન્ન કરવાવાળા પાંચે ઉદંબર ફળોનું સેવન કરતી. ત્રણે સ્ત્રીઓ કામ-સેવનની ઈચ્છાથી ખુશ થઈને ઉત્તમ અથવા નીચ જે મળે તે પુરુષનું સેવન કરતી તથા લોકો સામે હંમેશા ગીત ગાતી હતી અને વિચિત્ર વાતો કરતી કે અમને જોગ ધારણ કરવામાં ૧૦૦ વર્ષ વીતી ગયા.

એક દિવસ ધર્માચાર્ય નામના મુનિરાજ આહાર માટે ઇર્યાપથ શુદ્ધિથી ગમન કરી રહ્યા હતા. આવા શ્રેષ્ઠ મુનિને જોઈને ત્રણે સ્ત્રીઓ ક્રોધથી લાલ-લાલ આંખો કરીને કહેવા લાગી કે અરે નગ્ન ફરવાવાળા! ઉજ્જયીની નગરીના દયાલુ રાજા પાસે અમે ધન લેવા જતા હતા અને કયા પાપના ઉદયથી તું અમારી સામે આવ્યો? તું દુરાચારી છો. તે તારી લજ્જા વેચી દીધી છે કે સ્ત્રીઓ સામે પણ તું નગ્ન ફરે છે. હે મુર્ખયોગી! તે અમારું અપશુકન કર્યું છે. એટલે હવે અમારા કાર્યની સિદ્ધિ નહીં થાય. અત્યારે તો દિવસ છે પરંતુ આ અપશુકનનું ફળ તને રાત્રે આપીશું. આ પ્રકારે તે સ્ત્રીઓના દુષ્ટ વચન સાંભળીને પણ મુનિરાજે ક્રોધ ન કર્યો. જેવી રીતે પાણીથી ભરેલી પૃથ્વી પર અગ્નિ કાંઈ નથી કરી શકતી એવી રીતે ક્ષમાધારી પુરુષ માટે દુષ્ટ વચન કાંઈ ન કરી શકે. જેવી રીતે કાળાપત્થરનો મધ્યભાગ પાણીથી કદી પણ નરમ ન થાય એવી રીતે યોગીઓના નિર્મળ હૃદય ક્રોધઅગ્નિથી કદી પણ સળગતા નથી.

ત્યારબાદ તે ત્રણે સ્ત્રીઓ રાત્રિના સમયે મુનિરાજ પાસે ગઈ અને ક્રોધિત થઈને અનેક પ્રકારે ઉપદ્રવ કરવા લાગી. એક આવીને મુનિરાજ પાસે રોવા લાગી બીજી કામ-વાસનાથી પીડિત મુનિના શરીરને લપેટાઈ ગઈ અને ત્રીજીએ ધુમાડો કરીને મુનિરાજને બહુ દુઃખ આપ્યું. ત્યારબાદ કામજ્વરથી પીડિત તે ત્રણે સ્ત્રીઓ અનેક પ્રકારના કટાક્ષ કરતી મુનિરાજ સામે નગ્ન થઈને નાચવા લાગી અને પત્થર, લાકડી, મુક્કા, લાત, જૂતા આદિથી ખૂબ માર માર્યો તથા મુનિરાજને બાંધી લીધા. છતાં મુનિરાજ ચલાયમાન ન થયા. શું પ્રલય કાળના વાયુથી મહાન મેરુ પર્વત ચલાયમાન થાય છે? તે સમયે મુનિરાજ પોતાના હૃદયમાં બાર અનુપ્રેક્ષાનું ચિંતવન કરવા લાગ્યા અને અત્યંત દુઃખ દેવાવાળા તે સ્ત્રીઓના ઉપસર્ગને એણે કાંઈ ન ગણ્યું. સંસારરૂપી સમુદ્રમાં ડૂબેલા પ્રાણીઓને પાર લગાડવા અનુપ્રેક્ષા જ નાવ સમાન છે.

સવાર થતાં આ ઉપદ્રવોને વ્યર્થ સમજીને તથા રસ્તામાં આવતાં-જતાં લોકોના ડરથી ત્રણે સ્ત્રીઓ ભાગી ગઈ. મુનિરાજ પર ઘોર ઉપસર્ગ કર્યા હતા તે અત્યંત દુઃખદાયી હતા. એના પાપકર્મોદયથી ત્રણે સ્ત્રીઓને કોઢ થઈ ગયો. બધા લોક એની નિંદા કરવા લાગ્યા, કોઢના રોગથી ત્રણે સ્ત્રીઓ હંમેશા મહા દુઃખી રહેતી હતી. આયુ સમાપ્ત થતાં રૌદ્રધ્યાન કરતાં મરીને, ત્રણે સ્ત્રીઓ પાંચમી નરકમાં ઉત્પન્ન થઈ અને અસહ્ય એવા નરકનાં મહાન દુઃખ ભોગવવા લાગી.

નરક આયુ પૂર્ણ થયા પછી ત્રણેએ એક સરખા જ કર્મબંધ કર્યા હતાં તેથી ત્રણે જીવો ક્રમે બિલ્લી, સુઅરી, કુતી, મરઘીની યોનિમાં ઉત્પન્ન થઈ. ત્યાં ઘણાં જીવોની હિંસા કરતી, આપસમાં લડતી-ઝગડતી, ઘર-ઘર ફરતી અને મનુષ્યોનો માર ખાતી રહી.

આયુષ્ય પૂર્ણ થતાં ત્રણે મરઘીઓ ખૂબ જ દુઃખી થઈને મરીને ધર્મસ્થાનોથી સુશોભિત એવા અવંતીદેશની બાજુમાં હલકા લોકોની વસ્તીમાં કોઈ એક કુટુંબના ઘરે

કન્યાઓ થઈ. ગર્ભમાં આવતાં જ ધનાદિ નષ્ટ થઈ ગયા. જન્મ થતાં જ માતા મરી ગઈ. ત્રણમાં એક કાણી હતી, એક લંગડી હતી અને એક કાળા રંગની હતી. મુનિઓને ઘોર ઉપસર્ગ કરવાથી હંમેશા દુઃખી રહ્યા કરતી. એમના શરીર, અંગ-ઉપાંગ બેડોળ હતાં. રોગની દુર્ગંધથી નગરમાં જતાં જ આખા નગરમાં ખૂબ જ દુર્ગંધ ફેલાઈ જતી. ત્રણે કન્યાઓ ભૂખ-પ્યાસથી તીવ્ર પીડિત હતી. અત્યંત દુરાચાર કરવામાં હંમેશા તૈયાર એવી આ ત્રણે કન્યાઓ વિદેશ પર્યટન માટે નીકળી હતી. રસ્તામાં સદા આપસમાં લડતી ઝગડતી અનેક નગરોમાં ભ્રમણ કરતી, માંગતી-ખાતી, અનુક્રમે આ પુષ્પપુર નગરમાં આવી છે. આ વનમાં મુનિ તથા ઘણાં લોકોને જોઈને ધન માંગવા માટે આવી છે. યદ્યપિ એમના શરીર ખૂબ જ મલિન છે છતાં પ્રસન્નચિત્ત થઈને મુનિ પાસે આવીને વંદન કર્યા છે. જેવી રીતે વાદળોની ગર્જના સાંભળીને મોર ખુશ થાય છે. તેવી રીતે મુનિરાજના મુખથી પોતાનો ભૂતકાળ સાંભળીને ત્રણે કન્યાઓ પશ્ચાત્તાપ પૂર્વક પ્રસન્ન થાય છે.

ત્યાર બાદ સંસારના દુઃખોથી ભયભીત થઈ ત્રણે કન્યાઓ મુનિરાજને આનંદથી નમસ્કાર સ્તુતિ કરીને પ્રાર્થના કરવા લાગી કે હે પ્રભો! હે સ્વામિન્! આ સંસારરૂપ અપાર સમુદ્રમાં ડૂબેલા સમસ્ત દુઃખી પ્રાણીઓને પાર લગાડવા તમે જહાજ સમાન છો. પહેલાં ભવમાં અમે જે ઘોર પાપ કર્યું છે, કૃપા કરીને એના નાશનો કોઈ ઉપાય બતાઓ.

મુનિરાજે તે કન્યાઓના શુભ વચન સાંભળીને તથા એને નિકટભવી સમજીને મીઠી વાણીથી કહેવા લાગ્યા. હે પુત્રિઓ! તમે લબ્ધિવિધાન વ્રત કરો. આ વ્રત કર્મરૂપી શત્રુઓનો નાશ કરવાવાળો છે અને સંસારરૂપી સમુદ્રથી પાર ઉતારવાવાળો છે.

મુનિરાજના ઉપદેશ અનુસાર શ્રાવકોની મદદથી તે ત્રણે કન્યાઓએ ઉદ્યાપન ક્રિયાની સાથે સાથે લબ્ધિવિધાન વ્રત કર્યું, શ્રાવકોના વ્રત ધારણ કર્યા, શીલવ્રત ધારણ કર્યા અને અંત સમયે સમાધિમરણ ધારણ કરી મૃત્યુ પામી, પાંચમાં સ્વર્ગમાં જઈને સ્ત્રીલિંગ છેદીને પ્રભાવશાળી દેવ થયા અને સ્વર્ગમાં ઉત્તમ પ્રકારના ભોગ ભોગ્યા.

આ ભરતક્ષેત્રમાં મગધદેશમાં બ્રાહ્મણ નામનું નગર છે તેમાં એક શાંડિલ્ય નામનો ધની ગુણવાન બ્રાહ્મણ હતો એને સ્થંડિલા નામની રૂપવતી, શોભાગ્યશાળી સ્ત્રી હતી. સ્વર્ગમાં જે મોટો દેવ હતો (રાણીનો જીવ) તે ચ્યવીને ગૌતમ નામનો પુત્ર થયો અને બીજો દેવ પણ સ્થંડિલાને ગાર્ગ્ય નામનો પુત્ર થયો અને ત્રીજો દેવ તે જ બ્રાહ્મણની બીજી પત્નીના ઉદરમાં ભાગર્વ નામનો પુત્ર થયો. જેવી રીતે કુન્તીના પુત્ર પાંડવો વચ્ચે પ્રેમ હતો એવી જ રીતે ત્રણે ભાઈઓમાં ખૂબ જ પ્રેમ હતો. ત્રણે ભાઈઓએ બ્રાહ્મણોની બધી ક્રિયા ભણી લીધી હતી. ત્રણેમાં સૌથી મોટો ગૌતમ હતો તે બધા શાસ્ત્રોમાં ખૂબ જ જ્ઞાનવાન હતો. બ્રહ્મશાળામાં ગૌતમ પાંચસો શિષ્યોના ઉપાધ્યાય હતા.

તે સમયે ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન પ્રગટ થયું. દેવોએ આવીને સમવસરણની રચના કરી. ભગવાન સિંહાસન પર બિરાજમાન થયા. ૬૬ દિવસ સુધી દિવ્યધ્વનિ છૂટી નહીં. આ જોઈને સૌધર્મેન્દ્રે અવધિજ્ઞાનથી જોયું કે ગૌતમ અહીં આવી જાય તો ભગવાનની દિવ્યધ્વનિ છૂટશે. આ વિચાર કરીને ઇન્દ્રે પોતે એક ખુબ જ બૂઢાનું રૂપ ધારણ કર્યું અને લાકડીના ટેકે લથડીયાં ખાતાં ખાતાં ગૌતમની પાસે આવ્યો ને બોલ્યા કે સંસારમાં પોતાનું પેટ ભરવાવાળા તો ઘણાં છે પરંતુ આ કાવ્યનો અર્થ કરવાવાળા આ પૃથ્વી પર કોઈ વિરલ પુરુષ હશે! મારા ગુરુ આ સમયે ધ્યાનમાં છે એટલે મને હમણાં કાંઈ નહીં બતાવી શકે એટલે હું આ કાવ્યનો અર્થ સમજવા માટે આપની પાસે આવ્યો છું. એના ઉત્તરમાં ગૌતમે કહ્યું કે તમે તમારા કાવ્યનું બહુ અભિમાન કરો છો! જો હું અર્થ કહી દઉં તો–તમે મને શું આપશો? બુઢ્ઢે (ઈન્દ્રે) કહ્યું કે જો મારા કાવ્યનો અર્થ કહેશો તો હું બધાની સમક્ષ તમારો શિષ્ય બની જઈશ અને જો તમે અર્થ ન બતાવી શકો તો તમારા અભિમાની બધા શિષ્યો સાથે તથા બન્ને ભાઈઓ સાથે આવીને મારા ગુરુના શિષ્ય બની જાઓ. ગૌતમે કહ્યું હા! આ વાત કબૂલ છે. ઈન્દ્રે ગૌતમને કાવ્યરૂપમાં પૂછ્યું દ્રવ્ય કેટલા છે? તત્ત્વ કેટલા છે? અસ્તિકાય કેટલા છે? ધર્મના ભેદ કેટલા છે? શ્રુતજ્ઞાનના અંગ કેટલા છે? આદિ ગૂઢ પ્રશ્નો પૂછ્યા. તે કાવ્યને સાંભળી ગૌતમ થોડા દુઃખી થયા અને મનમાં વિચાર કરવા લાગ્યા કે આ કાવ્યનો શું અર્થ કહું? પછી ગૌતમે વિચારીને બૂઢા બ્રાહ્મણને કહ્યું કે ચાલ તારા ગુરુ સાથે વિવાદ કરું. આમ કહીને બધા ઈન્દ્રની સાથે ચાલ્યા. માર્ગમાં ગૌતમે વિચાર કર્યો કે જ્યારે મારાથી આ બૂઢાનો ઉત્તર નથી આપી શકયો તો એના ગુરુ તો બહુ મોટા વિદ્વાન હશે, એનો ઉત્તર હું કઈ રીતે આપીશ?

ઈન્દ્ર ગૌતમને પોતાના ગુરુ પાસે સમવસરણમાં લઈ જઈ ખૂબ સંતુષ્ટ થયો. જેણે પોતાની શોભાદ્વારા ત્રણેલોકમાં આશ્ચર્ય ઉત્પન્ન કર્યું છે એવા માનસ્થંભને જોઈને ગૌતમે પોતાનું બધું અભિમાન છોડી દીધું. મનમાં વિચાર કરવા લાગ્યા કે જે ગુરુની આખી પૃથ્વીમાં આશ્ચર્ય ઉત્પન્ન કરવાવાળી આટલી વિભૂતિ છે તે શું કોઈથી હારી શકે? બિલકુલ નહીં.

ત્યાર બાદ આગળ જઈને વીરપ્રભુના દર્શન કરીને ગૌતમ અનેક પ્રકારથી સ્તુતિ કરવા લાગ્યા તથા પાંચસો શિષ્ય તથા બન્ને ભાઈઓની સાથે જિનેશ્વરી દીક્ષા અંગીકાર કરી. વીરનાથ ભગવાનના સમોવસરણમાં ચારે જ્ઞાનથી સુશોભિત એવા ગૌતમ (ઇન્દ્રભૂતિ) અગ્નિભૂતિ, વાયુભૂતિ આદિ અગિઆર ગણધર થયા અને વીરનાથની દિવ્યધ્વનિ છૂટવા લાગી.

તપશ્ચરણ કરતાં કરતાં એક દિવસ ગૌતમ મુનિરાજ એકાંત પ્રાસુક સ્થાનમાં બિરાજમાન થશે અને નિશ્ચલ ધ્યાનમાં લીન થઈને ત્રેસઠ પ્રકૃતિઓને નષ્ટ કરીને આસો વદી અમાસની સાંજે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તેરમાં ગુણસ્થાનમાં બિરાજમાન થશે.

અહો ! ગૌતમસ્વામીનો જીવ પહેલાં વિશ્વલોચન મહારાજાની પટરાણી થઈને દુરાચારી વિષયાલંપટી, માંસભક્ષી, મુનિ નિંદક, મુનિ હિંસક, ઘોર રૌદ્રધ્યાની, નરકગામી થયો અને નરકમાંથી નીકળીને, બિલ્લી સુકરી, કુતી, મરઘા અને કાણી, લંગડી, કુબડી, શૂદ્ર કન્યા થઈ અને ભીખ માંગતી-માંગતી મુનિદર્શનના ઉપદેશથી વ્રતાદિ ધારણ કરી સમાધિમરણ કરી સ્ત્રીલિંગ છેદ કરી પાંચમાં સ્વર્ગમાં ઉત્તમ દેવ થયા અને ત્યાંથી ચ્યવીને બ્રાહ્મણકુળમાં પેદા થઈ, વેદ વેદાંતમાં પારંગત થયા અને ઇન્દ્ર દ્વારા સમવસરણમાં ગયા અને માનસ્થંભને જોઈને ગર્વ ગળિત થયું તથા દીક્ષા લેવી અને ચાર જ્ઞાન પ્રગટ કરી અંતર્મુહૂર્તમાં બાર અંગ ૧૪ પૂર્વની રચના કરવાવાળા ગણધરપદ પ્રાપ્ત કરી ક્રમે કેવળજ્ઞાન પ્રગટાવશે. હે શ્રેણિક ! આ રીતે ગૌતમસ્વામીના અશુભ-શુભ અને શુદ્ધ પરિણામ અને તેના ફળ તમને બતાવ્યા. જે ભવ્ય જીવ આત્માની શુદ્ધતાને જાણે છે, વિશ્વાસ કરે છે, આનંદની અનુભૂતિમાં લીન રહે છે તે જીવ સંસાર ભ્રમણથી છૂટીને મુક્તિ પામે છે.

( -ગૌતમ ચરિત્રમાંથી )

## વૈરાગ્ય સમાચાર:—

* નાઈરોબી દિગંબર જૈન મુમુક્ષુમંડળના ટ્રસ્ટી શ્રી કરમણભાઈ નરસીભાઈના પુત્ર સુરેશભાઈનું ( વર્ષ ૩૨ ) દેહાવસાન તા. ૧૬-૧૦-૮૧ના રોજ થયું છે. શ્રી સુરેશભાઈને નાઇરોબીના જિનબિંબ-પંચકલ્યાણક-મહોત્સવમાં ભાગ લેવાની તીવ્ર ભાવના હતી, પણ બિમારી શરૂ થવાથી લાભ લઈ શકયા નહિ. પૂજ્ય ગુરુદેવના દર્શન તથા માંગલિક સાંભળવાનો લાભ તેમને ઘરે તથા હોસ્પિટલમાં મળ્યો હતો.

* અમદાવાદનિવાસી રંજનબેન હસમુખરાય ચંદુલાલ સંઘવી ( વર્ષ-૩૨ ) તા. ૧-૧૦-૮૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કુરાવડ નિવાસી શ્રી રૂપલાલજી ( તે શ્રી બ્ર. ઝમકલાલજીના પિતાશ્રી ) ( વર્ષ-૮૦ ) તા. ૯-૧૦-૮૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મલાડનિવાસી શ્રી જીવરાજભાઈ દેવજીભાઈ ( તે શ્રી પ્રેમજીભાઈના મોટાભાઈ ) ( વર્ષ-૬૨ ) તા. ૨૨-૧૦-૮૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વરસિક હતા.

—સ્વર્ગસ્થ મુમુક્ષુઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગ ધર્મના શરણમાં આત્મોન્નતિ પામે એ જ ભાવના.

## પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના

### પ્રથમ વાર્ષિક સમાધિદિન નિમિત્તે

# સોનગઢમાં પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ

આપણા પરમ-આધાર, પરમોપકારી પૂજ્યપાદ ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પુણ્ય સમાધિનો પ્રથમ વાર્ષિક દિન વિ. સં. ૨૦૩૮, કારતક વદ સાતમ, બુધવાર, તા. ૧૮–૧૧–૮૧ ના રોજ છે. પરમકલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૧૪-૧૧-૮૧, શનિવાર થી તા. ૧૮-૧૧-૮૧, બુધવાર સુધી—એમ પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચ-પરમેષ્ઠિમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, વીડિયો તથા ટેઈપ-રેકોર્ડ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસઝરતાં પ્રવચનો તથા સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચનો વગેરે વિવિધ કાર્યક્રમ - રાખવામાં આવ્યો છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય અને ગુરુભક્તિના આ પ્રસંગનો લાભ લેવા સમસ્ત મુમુક્ષુ ભાઈબહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સૌને પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દર્શનનો પણ લાભ મળશે.

**સૂચના :**—(૧) ભોજનવ્યવસ્થા સશુલ્ક રાખવામાં આવી છે,
(૨) સૌએ પોતપોતાનું પાગરણ સાથે લાવવા વિનંતી છે.

### * તા. ૧૯—૧૦—૮૧ થી રેકોર્ડિંગ ચાર્જ ઉપરાંત ઘસારા ચાર્જ *

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો આધ્યાત્મિક સંદેશ ઘેર–ઘેર પહોંચાડવા માટે માત્ર એક રૂપિયામાં ઉતારી આપવામાં આવતાં પ્રવચનનો હવેથી રેકોર્ડિંગ ચાર્જ ૧ રૂપિયો લેવા ઉપરાંત મશીનરી ઘસારા ચાર્જ તરીકે બીજો ૧ રૂપિયો ચાર્જ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તે મુજબ તા. ૧૯–૧૦–૮૧ થી એક પ્રવચન ઉતારવાના કુલ ૨/–રૂપિયા લેવામાં આવે છે.

## સમાચાર :—

* અધ્યાત્મતીર્થધામ સોનગઢમાં રાબેતા મુજબ સવારે શ્રી જિનેન્દ્ર-પૂજન, ત્યારબાદ ૮ થી ૯ શ્રી સમયસાર ઉપર ૧૩મી વખતના ૧૯૬૧ના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું ટેપ-રેકોર્ડિંગ પ્રવચન, બપોરે ૩ થી ૪ બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાલિયાનું શ્રી સમયસાર ઉપર વાંચન બાદ જિનેન્દ્રભક્તિ તથા સાંજે ૭ થી ૮ શ્રી સમયસાર કલશટીકા ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું (૧૯૭૭નું) ટેપ-રેકોર્ડિંગ પ્રવચન—એ રીતે કાર્યક્રમ ચાલી રહ્યો છે.

* ઘાટકોપર (મુંબઈ)માં આપણા દિગમ્બર જિન-મંદિરની બાજુમાં રહેલા ચોકનું નામ "શ્રી દિગંબર જૈન મંદિર ચોક" રાખવામાં આવેલ છે. ઉપરોક્ત નામકરણની વિધિ મુંબઈના મેયરશ્રીના હસ્તક તા. ૧૨-૯-૮૧ ના રોજ કરવામાં આવી હતી અને સમારોહમાં શ્રી દિ. જૈન સમાજના પ્રતિષ્ઠિત આગેવાન શ્રી શ્રેયાંસપ્રસાદજી જૈને પ્રમુખ તરીકે હાજરી આપી હતી. આ પ્રસંગે વિદ્વાન ભાઈશ્રી લાલચંદભાઈનું પ્રવચન પણ રાખવામાં આવ્યું હતું. આ સમારોહમાં લગભગ ૧૫૦૦ મુમુક્ષુ ભાઈ-બહેનોની ઉપસ્થિતિ રહી હતી. ❋ ❋

### ગુજરાતી 'આત્મધર્મ'ના ચાલુ વર્ષના ગ્રાહકોને

## ❋ ભેટ-પુસ્તિકા ❋

શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી (સોનગઢ)ના પરિવાર તરફથી **'ધન્ય અવતાર!'** (પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સંબંધી પરમપૂજ્ય શ્રી કાનજીસ્વામીના ઉદ્‌ગારો) પુસ્તિકા આ ચાલુ વર્ષના ગ્રાહકોને ભેટ આપવામાં આવશે.

---

**સૂચના :—**

(i) ભેટ-કૂપનમાં પૂરી વિગત ભરીને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટની ઓફિસમાં ભેટ-કૂપન આપીને ભેટ-પુસ્તિકા મેળવી લેવી.

(ii) પોસ્ટ દ્વારા મંગાવનારે ભેટ-કૂપનની સાથે કવરમાં દસ પૈસાની પોસ્ટની ટિકિટ મોકલવી.

નોંધ :—ભેટ-કૂપન કોઈની સાથે મોકલીને અથવા પોતે રૂબરૂ ઓફિસમાંથી ભેટ-પુસ્તિકા મેળવી લેવી વધુ હિતાવહ છે.

— ભેટ-કૂપન માટે પાછળ જુઓ —

## * સમ્યક્-સુપ્રભાત *

આત્મા સત્-ચિદાનંદ જ્ઞાનસૂર્ય છે, ચૈતન્યપ્રકાશ છે. સૂર્ય-ચંદ્ર-દીપક-વીજળી આ બધાં પ્રકાશો એ તો જડ, અચેતન અને અજ્ઞાન સ્વરૂપ છે, જ્ઞાનસૂર્ય તો જીવ પ્રકાશ છે. રાગ પણ અંધકાર છે. સૂર્ય-ચંદ્ર-દીપક-વીજળી કે રાગને એની હૈયાતીની પણ ક્યાં ખબર છે? એનો પ્રકાશનારો ચૈતન્યપ્રકાશ છે, એનું પૂર્ણ પ્રગટ થવું તે કેવળજ્ઞાન સુપ્રભાત છે. અંશે પ્રગટ થવું તે સમ્યગ્જ્ઞાન સુપ્રભાત છે. આવા સમ્યગ્જ્ઞાન પ્રકાશને પ્રગટાવવો તે સાચું સુપ્રભાત છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી [ નૂતન વર્ષની સુપ્રભાતે ]

## જોઈએ છે : સંસ્થા માટે મેનેજર

મેનેજર શ્રી કાન્તીભાઈ ભાયાણીએ તા. ૧૦-૯-૮૧ ના રોજ રાજીનામું આપેલ હોઈને કુશળ વહીવટકર્તા એવાં એક મેનેજરની સંસ્થાને જરૂરીયાત છે. મુમુક્ષુ ભાઈને પ્રથમ પસંદગી. પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, અનુભવ તથા અપેક્ષિત પગારની વિગત સાથે તુરત લખો:—

**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ** (સૌરાષ્ટ્ર) પીન. ૩૬૪ ૨૫૦

---

'ધન્ય-અવતાર!'

### * ભેટ-કૂપન *


નામ :—

ગ્રાહક નં. :—

સરનામું :—

સહી :—

તારીખ :—



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧. જેમ સૂર્ય ઘોર અંધકારનો નાશ કરે છે, પવન વાદળોને નષ્ટ કરે છે, અગ્નિ મહા વનનો નાશ કરે છે, વજ્ર પર્વતનો નાશ કરે છે તેમ સમ્યગ્દર્શન કર્મોનો નાશ કરે છે. (શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર, ગાથા–૫૨)

૨. દુર્જન વડે કરવામાં આવતાં સન્માન કરતાં સંયમી વડે કરવામાં આવતું અપમાન શ્રેષ્ઠ છે, કારણ કે દુર્જનની સંગતિ શ્રદ્ધા-જ્ઞાનનો નાશ કરે છે અને સંયમીની સંગતિ શ્રદ્ધા–જ્ઞાનાદિકને ઉજ્જવળ કરે છે.

(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૩૬૦)

૩. સર્વ અશુચિના મૂળરૂપ શરીરને આ જીવ જ્યારે પૂજ્ય પદને પ્રાપ્ત કરાવે છે ત્યારે શરીર આત્માને ચંડાળાદિ નીચ કુળમાં જન્મ કરાવી અસ્પૃશ્ય કરે છે. ધિક્કાર છે એ કૃતઘ્ન શરીરને!

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૨૦૯)

૪. જેમ આ જીવ પુત્ર–કલત્રમાં તથા કામ–ભોગમાં રતિ-પ્રીતિ કરે છે તેમ જો જિનેન્દ્રના વીતરાગધર્મમાં રતિ–પ્રીતિ કરે તો લીલામાત્ર અલ્પ-કાળમાં જ મોક્ષ-સુખને પ્રાપ્ત થાય છે. (શ્રી સ્વામીકાર્તિક.)

૫. જેવી રીતે સોની તાંબા વગેરેથી મિશ્રિત સોનું લઈને તેમાંથી તાંબા વગેરેને જુદું કરીને શુદ્ધ સુવર્ણનું ગ્રહણ કરે છે. તેવી જ રીતે વિવેકી પુરુષ નિર્દોષ જિનાગમરૂપી નેત્રથી છ દ્રવ્યને જોઈને તેમાંથી નિર્મળ આત્મતત્ત્વનું ગ્રહણ કરે છે. જે કોઈ જીવ શાસ્ત્ર રહિત રહીને ઉત્કૃષ્ટ આત્મતત્ત્વનો નિશ્ચય કરે છે તે મૂર્ખ મન (-વિવેક) રહિત હોવા છતાંય રૂપનું અવલોકન કરવા ઇચ્છનાર અંધ સમાન છે.

(શ્રી પદ્મનંદી પંચવિંશતિ, સિદ્ધસ્તુતિ શ્લોક–૧૬)

મુખપૃષ્ઠના ફોટોગ્રાફર: સુરેશ પારેખ, ઇમેજ ફોટોગ્રાફર્સ, વડોદરા.

## ❋ આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલી ❋

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫૨૨ | શ્રી ફુલચંદ કે. શાહ | નાઈરોબી | ૧૫૪૮ | શ્રી એમ. આર. મહેતા | નાઈરોબી |
| ૧૫૨૩ | " જેઠાલાલ પી. શાહ | " | ૧૫૪૯ | શ્રી ભારમલ મેઘજી શાહ | મોમ્બાસા |
| ૧૫૨૪ | " કચરાભાઈ એન. શાહ | " | ૧૫૫૦ | " નાથાલાલ હીરજી શાહ | ટાંઝાનીયા |
| ૧૫૨૫ | શ્રીમતી શાન્તાબેન એચ. શાહ | " | ૧૫૫૧ | " સરલાબેન ધીરજલાલ શાહ | નાઈરોબી |
| ૧૫૨૬ | શ્રી માલજી ડી. શાહ | " | ૧૫૫૨ | " શાન્તીલાલ એન. દામાણી | " |
| ૧૫૨૭ | " ધરમશી ડી. શાહ | " | ૧૫૫૩ | " અજીતબેન ભરતકુમાર | " |
| ૧૫૨૮ | " દિગમ્બર જૈન મુમુક્ષમંડળ | " | ૧૫૫૪ | " સુનીતાબેન વિનોદચંદ્ર | " |
| ૧૫૨૯ | શ્રીમતી અમરીતબેન કે. શાહ | " | ૧૫૫૫ | " ભારમલ મેઘજી શાહ | " |
| ૧૫૩૦ | શ્રી આર. એ. કલોદરા | " | ૧૫૫૬ | " વીસા ઓસવાલ ડીસ્પેન્સરી | મોમ્બાસા |
| ૧૫૩૧ | શ્રીમતી જયાબેન કે. શાહ | " | ૧૫૫૭ | શ્રીમતી કુસુમબેન બાવીસા | અબુધાબી |
| ૧૫૩૨ | શ્રી પ્રેમચંદ રામજીભાઈ શાહ | " | ૧૫૫૮ | શ્રી ઝવેરચંદ્ર પદમશી છેડા | જામનગર |
| ૧૫૩૩ | " દીનેશચંદ્ર ભારમલભાઈ હરીયા | " | ૧૫૫૯ | " કે. એચ. ગાંધી | મુંબઈ |
| ૧૫૩૪ | " કાનજીભાઈ હરીયા | " | ૧૫૬૦ | " જૈન સંઘ | ડબાસંગ |
| ૧૫૩૫ | " કેશવભાઈ હરીયા | " | ૧૫૬૧ | " " " | નવાગામ |
| ૧૫૩૬ | " દેવરાજ જીવરાજ શાહ | " | ૧૫૬૨ | " " " | ચેલા |
| ૧૫૩૭ | " મીનાજી કરમશી શાહ | " | ૧૫૬૩ | " " " | ચંગા |
| ૧૫૩૮ | " પ્રેમચંદ્ર દેવચંદ્ર શાહ | " | ૧૫૬૪ | " " " | હરીપુર |
| ૧૫૩૯ | " હીરજીભાઈ ગોસર શાહ | " | ૧૫૬૫ | " " " | ધુણીયા |
| ૧૫૪૦ | " અનીલ શાહ | " | ૧૫૬૬ | " " " | લાલપુર |
| ૧૫૪૧ | " મેસર્સ કરમસી એન્ડ કું. | " | ૧૫૬૭ | " " " | નવી હરિપુર |
| ૧૫૪૨ | " કંચનબેન વસા | " | ૧૫૬૮ | " " " | ગોઈજ |
| ૧૫૪૩ | " ડાહીબેન જેસંગ શેઠ | " | ૧૫૬૯ | " " " | ખંભાલીયા |
| ૧૫૪૪ | " પાનાચંદ આનંદ શાહ | " | ૧૫૭૦ | " " " | ઢીંચડા |
| ૧૫૪૫ | " ગોવિંદજી મેઘજી શાહ | " | ૧૫૭૧ | " " " | મોટા માંઢા |
| ૧૫૪૬ | " દિગમ્બર જૈન મુમુક્ષમંડળ | " | ૧૫૭૨ | " " " | નાના માંઢા |
| ૧૫૪૭ | શ્રીમતિ કસ્તુરબેન કે. શાહ | નાઈરોબી | | | |

આજીવન સભ્ય ફી રૂ. ૧૦૧/= [ક્રમશ:]

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર ❋ પ્રત : ૨૯૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, PIN : 364 250
મુદ્રક : અજિત મુદ્રણાલય [વાર્ષિક લવાજમ રૂ. ૯=૦૦]